# આત્મધર્મ

માસિક : વર્ષ-૮ * અંક-૧૨ * ઓગસ્ટ, ૨૦૧૪

## પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનો ૧૦૧મો



## મંગલમય જન્મજયંતી મહોત્સવ

૧૦૧

જન્મવધાઇના રે કે સૂર મધુર ગાજે સાહેલડી,
તેજબાને મંદિરે રે કે ચોઘડિયાં વાગે સાહેલડી;
કુંવરીનાં દર્શને રે કે નરનારી હરખે સાહેલડી,
વીરપુરી ધામમાં રે કે કુમકુમ વરસે સાહેલડી.

૧૦૧

# આગમ-મહાસાગરનાં અણમૂલાં રત્નો

* નવ નિધિ, ચૌદ રત્ન, ઘોડા, મત્ત ઉત્તમ હાથીઓ, ચતુરંગિણી સેના આદિ સામગ્રીઓ પણ ચક્રવર્તીને શરણરૂપ નથી. તેનો અપાર વૈભવ તેને મૃત્યુથી બચાવી શકતો નથી.

જન્મ, જરા, મરણ, રોગ અને ભયથી પોતાનો આત્મા જ પોતાની રક્ષા કરે છે, કર્મનો બંધ, ઉદય અને સત્તાથી ભિન્ન પોતાનો આત્મા જ આ સંસારમાં શરણરૂપ છે. કર્મોનો ક્ષય કરીને જન્મ-જરા-મરણાદિના દુઃખોથી પોતાનો આત્મા જ પોતાને બચાવે છે. ૧૪૨૭ *(શ્રી કુંદકુંદાચાર્ય, બાર અનુપ્રેક્ષા, ગાથા ૧૦-૧૧)*

* જે મનુષ્ય શોભાયમાન યૌવનની પવિત્ર શોભાથી સંપન્ન એવી સ્ત્રીઓનાં હૃદયમાં ચિરકાળ સુધી નિવાસ કરે છે તે સૌભાગ્યાદિ ગુણો અને આનંદના સ્થાનભૂત પુણ્યયુક્ત હોય છે. અર્થાત્ જેમને ઉત્તમ સ્ત્રીઓ ચાહે છે તે પુણ્યાત્મા પુરુષ છે. પરંતુ અભ્યંતર નેત્રથી જ્ઞાનમય જ્યોતિને શરીરથી ભિન્ન દેખનાર જે સાધુઓના હૃદયમાં સ્ત્રીઓ કદી પણ નિવાસ કરતી નથી તે પુણ્યશાળી મુનિઓને પૂર્વોક્ત (સ્ત્રીઓના હૃદયમાં રહેનાર) પુણ્યાત્મા પુરુષો પણ નમસ્કાર કરે છે. ૧૪૨૮

*(શ્રી પદ્મનંદી આચાર્ય, પદ્મનંદી પંચવિંશતિ, બ્રહ્મચર્ય રક્ષાવર્તિ, શ્લોક–૨૦)*

* જિનકે પાસ બડી કઠિનતાસે પ્રાપ્ત કરનેયોગ્ય ધન–શાસ્ત્રજ્ઞાન, ચારિત્ર વ શમભાવ હૈ વે હી માનવ ધનવાન કહે ગયે હૈં. બાકી માનવ ધનવાન હોકર ભી નિર્ધની હૈ. ૧૪૨૯. *(શ્રી કુલધર આચાર્ય, સારસમુચ્ચય, શ્લોક–૩૦૯)*

* આત્મા પોતાના આત્માની જ ઉપાસના કરી પરમાત્મા થઈ જાય છે; જેમ વાંસનું ઝાડ પોતાને પોતે જ મથીને–રગડીને અગ્નિરૂપ થઈ જાય છે તેમ. ૧૪૩૦ *(શ્રી પૂજ્યપાદ સ્વામી, સમાધિતંત્ર, ગાથા–૯૮)*

* ચિદાનંદ હંસ પરમેશ્વર તમે જ છો, સ્થિર થઈ સંદેહ ત્યાગો. પોતાનો ચૈતન્યસ્વરૂપ અનુભવ પરના અનાદિ જોગમાં પણ આત્મા જેવો ને તેવો છે, પરમાં અત્યંત ગુપ્ત થયો છે. તોપણ દેખવાનો સ્વભાવ ગયો નથી–જ્ઞાનભાવ ગયો નથી. ૧૪૩૧ *(શ્રી દીપચંદજી, અનુભવપ્રકાશ, પાનું–૮૨)*

❀

વર્ષ–૮
અંક–૧૨




વિ. સંવત
૨૦૭૦
August
A.D. 2014



# પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની ૧૦૧મી જન્મજયંતી પ્રસંગે

# તત્ત્વબોધક ૧૦૧ રત્નો

✍ "તીર્થંકરભગવંતોએ પ્રકાશેલો દિગંબર જૈન ધર્મ જ સત્ય છે એમ ગુરુદેવે યુક્તિ-ન્યાયથી સર્વ પ્રકારે સ્પષ્ટપણે સમજાવ્યું છે. માર્ગની ઘણી છણાવટ કરી છે. દ્રવ્યની સ્વતંત્રતા, દ્રવ્ય-ગુણ-પર્યાય, ઉપાદાન-નિમિત્ત, નિશ્ચય-વ્યવહાર, આત્માનું શુદ્ધ સ્વરૂપ, સમ્યગ્દર્શન, સ્વાનુભૂતિ, મોક્ષમાર્ગ ઈત્યાદિ બધું તેઓશ્રીના પરમ પ્રતાપે આ કાળે સત્યરૂપે બહાર આવ્યું છે. ગુરુદેવની શ્રુતની ધારા કોઈ જુદી જ છે. તેમણે આપણને તરવાનો માર્ગ દેખાડ્યો છે. પ્રવચનમાં કેટલું ઘોળી ઘોળીને કાઢે છે! તેઓશ્રીના પ્રતાપે આખા ભારતમાં ઘણા જીવો મોક્ષના માર્ગને સમજવાનો પ્રયત્ન કરી રહ્યા છે. પંચમ કાળમાં આવો યોગ મળ્યો તે આપણું પરમ સદ્ભાગ્ય છે. જીવનમાં બધો ઉપકાર ગુરુદેવનો જ છે. ગુરુદેવ ગુણથી ભરપૂર છે, મહિમાવંત છે. તેમનાં ચરણકમળની સેવા હૃદયમાં વસી રહો." ૧

**આહાહા! બેનની (–બહેનશ્રીની) દશાની શી વાત! પણ એની નમ્રતા ને વિનયની પણ શી વાત! 'અરે! અમે આત્મા બોલતા શીખ્યા હોઈએ તોપણ અહીંથી શીખ્યા છીએ.' –એમ બેન કહે છે. —પૂજ્ય ગુરુદેવશ્રી**

✍ આત્માની ખરેખરી લગની લાગે ને અંદરમાં માર્ગ ન થાય એમ બને જ નહિ. આત્માની લગની લાગવી જોઈએ; તેની પાછળ લાગવું જોઈએ. ૨

✍ જ્ઞાનીની પરિણતિ સહજ હોય છે. પ્રસંગે પ્રસંગે ભેદજ્ઞાનને યાદ કરીને તેમને ગોખવું નથી પડતું. ૩

✍ જ્ઞાન સહિતનું જીવન નિયમથી વૈરાગ્યમય જ હોય છે. ૪

✍ આત્માની સિદ્ધિ ન સધાય ત્યાં સુધી જન્મ-મરણનું ચક્ર ચાલ્યા જ કરવાનું. ૫

✍ પૂજ્ય ગુરુદેવે બતાવેલા ચૈતન્યશરણને લક્ષગત કરીને તેના દૃઢ સંસ્કાર આત્મામાં પડી જાય—એ જ જીવનમાં કરવા જેવું છે. ૬

✍ સ્વભાવની વાત સાંભળતા સોંસરવટ કાળજે ઘા પડી જાય. યથાર્થ ભૂમિકામાં આવું હોય છે. ૭

✍ પુરુષાર્થ વગર એક પણ પર્યાય પ્રગટતી નથી. એટલે રુચિથી માંડી ઠેઠ કેવળજ્ઞાન સુધી પુરુષાર્થ જ જોઈએ છે. ૮.

✍ ગુરુદેવને વાણીનો યોગ પ્રબળ છે, શ્રુતની ધારા એવી છે કે લોકોને અસર કરે ને ‘સાંભળ્યા જ કરીએ’ એમ થાય. ગુરુદેવે મુક્તિનો માર્ગ પ્રકાશ્યો ને સ્પષ્ટ કર્યો છે. તેઓશ્રીને શ્રુતની લબ્ધિ છે. ૯.

✍ પુરુષાર્થ કરવાની કળ સૂઝી જાય તો માર્ગની મૂંઝવણ ટળી જાય. ૧૦

✍ જેને ચૈતન્ય—આત્મા ઊઘડ્યો છે તેને બધું ચૈતન્યમય જ ભાસે છે. ૧૧.

✍ મુમુક્ષુઓને તથા જ્ઞાનીઓને અપવાદમાર્ગનો કે ઉત્સર્ગમાર્ગનો આગ્રહ ન હોય, પણ જેનાથી પોતાના પરિણામમાં આગળ વધાય તે માર્ગને ગ્રહણ કરે. ૧૨

✍ જ્ઞાની ચૈતન્યના પાતાળમાં પહોંચી ગયા છે; ઊંડી ઊંડી ગુફામાં, ઊંડે ઊંડે પહોંચી ગયા છે; સાધનાની સહજ દશા સાધેલી છે. ૧૩.

✍ ‘હું જ્ઞાયક ને આ પર’, બાકી બધાં જાણવાનાં પડખાં છે. ૧૪

✍ ‘હું છું’ એમ પોતાથી પોતાને અસ્તિત્વનું જોર આવે, પોતે પોતાને ઓળખે. ૧૫

✍ જેમ વૃક્ષનું મૂળ પકડવાથી બધું હાથ આવે છે, તેમ જ્ઞાયકભાવને પકડવાથી બધું હાથ આવશે. ૧૬

**સર્વજ્ઞ જિનેશ્વરની આ વાણી છે. બેન મહાવિદેહમાંથી આવ્યા છે. તેના અનુભવની આ વાણી છે.**
**—પૂજ્ય ગુરુદેવશ્રી**

✍ જેમ પતંગ આકાશમાં ઊડે પણ દોર હાથમાં હોય છે, તેમ 'ચૈતન્ય છું' એ દોર હાથમાં રાખવો. ૧૭

✍ જ્ઞાનીને અભિપ્રાયમાં રાગ છે તે ઝેર છે, કાળો સર્પ છે. ૧૮

✍ જ્ઞાનીઓ વિભાવની વચ્ચે ઊભા હોવા છતાં વિભાવથી જુદા છે, ન્યારા છે. ૧૯

✍ ચૈતન્યને ચૈતન્યમાંથી પરિણમેલી ભાવના એટલે કે રાગ-દ્વેષમાંથી નહિ ઊગેલી ભાવના—એવી યથાર્થ ભાવના હોય તો તે ભાવના ફળ્યે જ છૂટકો. ૨૦

✍ ગુરુદેવને તીર્થંકર જેવો ઉદય વર્તે છે. વાણીનો પ્રભાવ એવો છે કે હજારો જીવો સમજી જાય છે. તીર્થંકરની વાણી જેવો જોગ છે. ૨૧

✍ ઉપલક ઉપલક વાંચન-વિચાર આદિથી કાંઈ ન થાય, અંદર આંતરડીમાંથી ભાવના ઊઠે તો માર્ગ સરળ થાય. જ્ઞાયકનો અંતઃસ્થળમાંથી ખૂબ મહિમા આવવો જોઈએ. ૨૨.

✍ આત્માર્થીએ સ્વાધ્યાય કરવો, વિચાર–મનન કરવાં; એ જ આત્માર્થીનો ખોરાક છે. ૨૩.

✍ પહેલી ભૂમિકામાં શાસ્ત્રવાંચન–શ્રવણ–મનન આદિ બધું હોય, પણ અંદર તે શુભ ભાવથી સંતોષાઈ ન જવું. ૨૪

✍ અંદર આત્મદેવ બિરાજે છે તેની સંભાળ કર. હવે અંતરમાં જા, ને તૃપ્ત થા. અનંતગુણસ્વરૂપ આત્માને જો, તેની સંભાળ કર. ૨૫

✍ ભવિષ્યનું ચિતરામણ કેવું કરવું તે તારા હાથની વાત છે. માટે કહ્યું છે કે, 'બંધ સમય જીવ ચેતીએ, ઉદય સમય શા ઉચાટ'. ૨૬

✍ જ્ઞાનને ધીરું કરીને સૂક્ષ્મતાથી અંદર જો તો આત્મા પકડાય એવો છે. એક વાર વિકલ્પની જાળ તોડીને અંદરથી છૂટો પડી જા, પછી જાળ ચોંટશે નહિ. ૨૭

✍ 'જેને લાગી છે તેને જ લાગી છે'...પરંતુ બહુ ખેદ ન કરવો. વસ્તુ પરિણમનશીલ છે, કૂટસ્થ નથી. ૨૮

✍ મુમુક્ષુ જીવ ઉલ્લાસનાં કાર્યોમાં પણ જોડાય. સાથે સાથે અંદરથી ઊંડાણમાં ખટક રહ્યા જ કરે, સંતોષ ન થાય. હજુ મારે જે કરવાનું છે તે બાકી રહી જાય છે. ૨૯

**બેનના વચનો છે એ ભગવાનની વાણી છે, તેમના ઘરના વચનો નથી, દિવ્યધ્વનિ છે.**
**—પૂજ્ય ગુરુદેવશ્રી**

✍ આત્માર્થી હઠ ન કરે કે મારે ઝટઝટ કરવું છે. હઠ સ્વભાવમાં કામ ન આવે. માર્ગ સહજ છે, ખોટી ઉતાવળે પ્રાપ્ત ન થાય. ૩૦

✍ પ્રથમ રુચિનો પલટો કરે તો ઉપયોગનો પલટો સહજ થઈ જશે. માર્ગની યથાર્થ વિધિનો આ ક્રમ છે. ૩૧

✍ આત્માને મેળવવાનો જેને દૃઢ નિશ્ચય થયો છે તેણે પ્રતિકૂળ સંયોગોમાં પણ તીવ્ર ને કરડો પુરુષાર્થ ઉપાડ્યે જ છૂટકો છે. ૩૨

✍ ખરી તાલાવેલી થાય તો માર્ગ મળે જ, માર્ગ ન મળે એમ બને નહિ. જેટલું કારણ આપે એટલું કાર્ય થાય જ. ૩૩

✍ જેને આત્માની ખરી રુચિથી જ્ઞાયકસ્વભાવ પ્રાપ્ત કરવો છે તેને દરેક પ્રસંગે ‘જ્ઞાયકસ્વભાવ...જ્ઞાયકસ્વભાવ’—એવું રટણ રહ્યા જ કરે, તેની જ નિરંતર રુચિ ને ભાવના રહે. ૩૪.

✍ જીવન આત્મામય જ કરી લેવું જોઈએ. ભલે ઉપયોગ સૂક્ષ્મ થઈને કાર્ય કરી શકતો ન હોય પણ પ્રતીતિમાં એમ જ હોય કે આ કાર્ય કર્યે જ લાભ છે. ૩૫

✍ વિકલ્પમાં પૂરેપૂરું દુઃખ લાગવું જોઈએ. વિકલ્પમાં જરા પણ શાન્તિ ને સુખ નથી એમ જીવને અંદરથી લાગવું જોઈએ. ૩૬

✍ આખા દિવસમાં આત્માર્થને પોષણ મળે તેવા પરિણામ કેટલા છે ને બીજા પરિણામ કેટલા છે તે તપાસી પુરુષાર્થ તરફ વળવું. ૩૭

✍ સત્‌ના સંસ્કાર ઊંડા નાખ્યા હશે તો છેવટે બીજી ગતિમાં પણ સત્ પ્રગટશે. માટે સત્‌ના ઊંડા સંસ્કાર રેડ. ૩૮

✍ આત્માર્થને પોષણ મળે તે કાર્ય કરવું. જે ધ્યેયે ચડ્યો તે પૂર્ણ કરજે, જરૂર સિદ્ધિ થશે. ૩૯

✍ દેહને ખાતર અનંત ભવ વ્યતીત થયા; હવે, સંતો કહે છે કે તારા આત્માને ખાતર આ જીવન અર્પણ કર. ૪૦

✍ અનુકૂળતામાં નથી સમજતો તો ભાઈ! હવે પ્રતિકૂળતામાં તો સમજ...સમજ. કોઈ રીતે સમજ... સમજ, ને વૈરાગ્ય લાવી આત્મામાં જા. ૪૧

**ભગવાનની કહેલી જે ઓમકારધ્વની છે એમાંથી નીકળેલો આ સાર બેને કહેલ છે.**

**—પૂજ્ય ગુરુદેવશ્રી**

✍ ચૈતન્યની ભાવના કદી નિષ્ફળ જતી નથી, સફળ જ થાય છે. ભલે થોડો વખત લાગે, પણ ભાવના સફળ થાય જ. ૪૨

✍ પુણ્યોદયે આ દેહ પામ્યો, આ દશા પામ્યો, આવા સત્પુરુષ મળ્યા; હવે જો પુરુષાર્થ નહિ કરે તો ક્યા ભવે કરશે? હે જીવ! પુરુષાર્થ કર; આવી જોગવાઈ અને સાચું આત્મસ્વરૂપ બતાવનારા સત્પુરુષ ફરીફરી નહિ મળે. ૪૩

✍ જેને જેની રુચિ–રસ હોય ત્યાં સમય ચાલ્યો જાય છે; 'રુચિ અનુયાયી વીર્ય'. જ્ઞાયકના ઘૂંટણમાં નિરંતર રહે, દિવસ-રાત એની પાછળ પડે, તો વસ્તુ પ્રાપ્ત થયા વિના રહે જ નહિ. ૪૪

✍ જ્ઞાયકના લક્ષે જીવ સાંભળે, ચિંતવન કરે, મંથન કરે તેને—ભલે કદાચ સમ્યગ્દર્શન ન થાય તોપણ—સમ્યક્ત્વસન્મુખતા થાય છે. ૪૫

✍ જેવું કારણ આપીએ તેવું કાર્ય થાય. સાચો પુરુષાર્થ કરીએ તો સાચું ફળ મળે જ. ૪૬

✍ બહારનું બધું થાય તેમાં—ભક્તિ-ઉલ્લાસનાં કાર્ય થાય તેમાં પણ—કાંઈ આત્માનો આનંદ નથી. આનંદ તો તળમાંથી આવે તે જ સાચો છે. ૪૭

✍ પ્રયોજન તો એક આત્માનું જ રાખવું. આત્માનો રસ લાગે ત્યાં વિભાવનો રસ નીતરી જાય છે. ૪૮

✍ ધન્ય તે નિર્ગ્રંથ મુનિદશા! મુનિદશા એટલે કેવળજ્ઞાનની તળેટી. ૪૯

✍ જો તારી ગતિ વિભાવમાં જાય છે તો તેને ઉતાવળથી ચૈતન્યમાં લગાડ. સ્વભાવમાં આવવાથી સુખ અને ગુણોની વૃદ્ધિ થશે. ૫૦

✍ સ્વરૂપની લીલા જાત્યંતર છે. મુનિરાજ ચૈતન્યના બાગમાં રમતાં રમતાં કર્મના ફળનો નાશ કરે છે. ૫૧

✍ વિધિ અને નિષેધની વિકલ્પજાળને છોડ. હું બંધાયેલો છું, હું બંધાયેલ નથી—તે બધું છોડી અંદર જા, અંદર જા; નિર્વિકલ્પ થા, નિર્વિકલ્પ થા. ૫૨

✍ અરીસામાં જેમ પ્રતિબિંબ પડે તે વખતે જ તેની નિર્મળતા હોય છે, તેમ વિભાવપરિણામ વખતે જ તારામાં નિર્મળતા ભરેલી છે. ૫૩

**બેનની વાણી આવી છે તે સાર સાર તત્ત્વથી ભરેલી આવી છે, તત્ત્વદૃષ્ટિ ને અંતર અનુભવથી આવેલ વાણી છે. —પૂજ્ય ગુરુદેવશ્રી**

✍ મુનિરાજને ગમે તેવા સંયોગ હોય—અનુકૂળતામાં ખેંચાતા નથી, પ્રતિકૂળતામાં ખેદાતા નથી. જેમ જેમ આગળ વધે તેમ તેમ સમરસભાવ વધારે પ્રગટ થતો જાય છે. ૫૪

✍ 'હું સહજ જ્ઞાયકમૂર્તિ છું' એવી ચૈતન્યભાવના, એ જ લઢણ, એ જ મનન, એ જ ઘોલન, એવી જ સ્થિર પરિણતિ કરવાથી સંસારરોગનો નાશ થાય છે. ૫૫

✍ મુનિઓ અસંગપણે આત્માની સાધના કરે છે, સ્વરૂપગુપ્ત થઈ ગયા છે. પ્રચુર સ્વસંવેદન જ મુનિનું ભાવલિંગ છે. ૫૬

✍ આત્મા જ એક સાર છે, બીજું બધું નિઃસાર છે. બધી ચિંતા છોડીને એક આત્માની જ ચિંતા કર. ગમે તેમ કરીને ચૈતન્યસ્વરૂપ આત્માને વળગ; તો જ તું સંસારરૂપી મગરના મુખમાંથી છૂટી શકીશ. ૫૭

✍ આ તો પંખીના મેળા જેવું છે. ભેગાં થયેલાં બધાં છૂટાં પડી જશે. આત્મા એક શાશ્વત છે, બીજું બધું અધ્રુવ છે; વિંખાઈ જશે. મનુષ્યજીવનમાં આત્માનું કલ્યાણ કરી લેવા જેવું છે. ૫૮

✍ સમ્યગ્દષ્ટિને એવો નિઃશંક ગુણ હોય છે કે ચૌદ બ્રહ્માંડ ફરી જાય તોય અનુભવમાં શંકા થતી નથી. ૫૯

✍ આત્મા સર્વોત્કૃષ્ટ છે, આશ્ચર્યકારી છે. જગતમાં તેનાથી ઊંચી વસ્તુ નથી. ૬૦

✍ 'હું શુદ્ધ છું' એમ સ્વીકારતાં પર્યાયની રચના શુદ્ધ જ થાય છે. જેવી દૃષ્ટિ તેવી સૃષ્ટિ. ૬૧

✍ આત્મા 'મુનિ છે' કે 'કેવળજ્ઞાની છે' કે 'સિદ્ધ છે' એવી એક પણ પર્યાય-અપેક્ષા ખરેખર જ્ઞાયક પદાર્થને નથી. જ્ઞાયક તો જ્ઞાયક જ છે. ૬૨

✍ ચૈતન્યસ્વરૂપ આત્મા તારો પોતાનો છે માટે તેને પ્રાપ્ત કરવો સુગમ છે. ૬૩

✍ આત્મારૂપી પરમપવિત્ર તીર્થ છે તેમાં સ્નાન કર. આત્મા પવિત્રતાથી ભરેલો છે, તેની અંદર ઉપયોગ મૂક. આત્માના ગુણોમાં તરબોળ થઈ જા. ૬૪

✍ જેને ભગવાનનો પ્રેમ હોય તે ભગવાનને જોયા કરે તેમ ચૈતન્યદેવનો પ્રેમી ચૈતન્ય ચૈતન્ય જ કર્યા કરે. ૬૫

**આ બેનના વચનામૃત છે, અતીન્દ્રિય આનંદના વેદનમાંથી આ વાણી આવી છે.**
**—પૂજ્ય ગુરુદેવશ્રી**

✍ નિરાલંબન ચાલવું તે વસ્તુનો સ્વભાવ છે. તું કોઈના આશ્રય વિના ચૈતન્યમાં ચાલ્યો જા. આત્મા સદા એકલો જ છે, પોતે સ્વયંભૂ છે. ૬૬

✍ આ કોઈ મહિમાવંત વસ્તુ તને બતાવીએ છીએ. તું અંદર ઊંડો ઊતરીને જો, અસલી તત્ત્વને ઓળખ. તારું દુઃખ ટળશે, તું પરમ સુખી થઈશ. ૬૭

✍ તું આત્મામાં જા તો તારું અથડાવું મટી જશે. જેને આત્મામાં જવું છે તે આત્માનો આધાર લે. ૬૮

✍ ચૈતન્ય ચૈતન્યમાં જ રહેનાર છે. ગુરુ તેને જ્ઞાનલક્ષણ દ્વારા ઓળખાવે છે. તે લક્ષણ દ્વારા અંદર જઈને શોધી લે આત્માને. ૬૯

✍ કોઈ કોઈનું કાંઈ કરી શકતું નથી. વિભાવ પણ તારા નથી તો બહારના સંયોગ તો ક્યાંથી તારા હોય? ૭૦

✍ આત્મા તો નીરોગ ને નિરુપસર્ગ છે. ઉપસર્ગ આવ્યો તો પાંડવોએ અંદર લીનતા કરી, ત્રણે તો કેવળ પ્રગટાવ્યું. અટકે તો પોતાથી અટકે છે, કોઈ અટકાવતું નથી. ૭૧

✍ ભગવાનની આજ્ઞાથી બહાર પગ મૂકીશ તો ડૂબી જઈશ. અનેકાન્તનું જ્ઞાન કર તો તારી સાધના યથાર્થ થશે. ૭૨

✍ નિજચૈતન્યદેવ પોતે ચક્રવર્તી છે, એમાંથી અનંત રત્નોની પ્રાપ્તિ થશે. અનંત ગુણોની ઋદ્ધિ જે પ્રગટે તે પોતામાં છે. ૭૩

✍ શુદ્ધોપયોગથી બહાર આવીશ નહિ; શુદ્ધોપયોગ તે જ સંસારથી ઊગરવાનો માર્ગ છે. શુદ્ધોપયોગમાં ન રહી શકે તો પ્રતીત તો યથાર્થ રાખજે જ. જો પ્રતીતમાં ફેર પડ્યો તો સંસાર ઊભો છે. ૭૪

✍ જેમ લીંડીપીપરનું લઢણ કરવાથી તીખાશ પ્રગટ થાય છે, તેમ જ્ઞાયકસ્વભાવનું લઢણ કરવાથી અનંત ગુણો પ્રગટે છે. ૭૫

✍ અંદર નજર ઠેરવે તો ગુણરત્નાકર પ્રગટે અને બધા દોષનો ભૂકો બોલી જાય. આત્મા તો અનાદિ–અનંત ગુણોનો પિંડ છે. ૭૬

✍ રુચિ રાખવી. રુચિ જ કામ કરે છે. પૂજ્ય ગુરુદેવે ઘણું દીધું છે. ૭૭

✍ જે તત્ત્વ વર્તમાનમાં છે તે ત્રિકાળી હોય જ. વિચાર કરતાં આગળ વધાય. અનંત કાળમાં બધું કર્યું, એક ત્રિકાળી સત્‌ને શ્રદ્ધ્યું નથી. ૭૮

**જગતના ભાગ્ય કે આવી સત્ય વાત બહાર આવી. —પૂજ્ય ગુરુદેવશ્રી**

✍ હંમેશાં આત્માને ઊર્ધ્વ રાખવો. ખરી જિજ્ઞાસા હોય તેને પ્રયાસ થયા વિના રહેતો નથી. ૭૯

✍ સાચું સમજતાં વાર ભલે લાગે પણ ફળ આનંદ અને મુક્તિ છે. આત્મામાં એકાગ્ર થાય ત્યાં આનંદ ઝરે. ૮૦

✍ રાગનું જીવતર હોય તેને આત્મામાં જવાનું બને નહીં. રાગને મારી નાખ તો અંદર જવાય. ૮૧

✍ ચૈતન્યલોકમાં અંદર જા. અલૌકિક શોભાથી ભરપૂર અનંત ગુણો ચૈતન્યલોકમાં છે; તેમાં નિર્વિકલ્પ થઈને જા, તેની શોભા નિહાળ. ૮૨

✍ શુદ્ધ તત્ત્વની દૃષ્ટિ પ્રગટ કરી તે નૌકામાં બેસી ગયો તે તરી ગયો. ૮૩

✍ જેમ આંખમાં કણું સમાય નહિ તેમ આત્મ-સ્વભાવમાં એક અણુમાત્ર પણ વિભાવ પોષાતો નથી. ૮૪

✍ આત્માને ઓળખી સ્વરૂપરમણતાની પ્રાપ્તિ કરવી તે જ પ્રાયશ્ચિત્ત છે. ૮૫

✍ જેને આ સમજવાની રુચિ હોય તેને બીજું ન ગમે. 'કાલ કરીશ, કાલ કરીશ' એવા વાયદા ન હોય. મારે હમણાં જ કરવું છે. ૮૬

✍ જેણે ભેદજ્ઞાનની વિશેષતા કરી છે તેને ગમે તેવા પરિષહમાં આત્મા જ વિશેષ લાગે છે. ૮૭

✍ હે જીવ! સુખ અંદરમાં છે, બહાર ક્યાં વ્યાકુળ થઈને ફાંફાં મારે છે? જેમ ઝાંઝવાંમાંથી કદી કોઈને જળ મળ્યું નથી તેમ બહાર સુખ છે જ નહિ. ૮૮

✍ ગુરુ તારા ગુણો ખિલવવાની કળા દેખાડશે. ગુરુ-આજ્ઞાએ રહેવું તે તો પરમ સુખ છે. ૮૯

✍ જેમ કમળ કાદવ અને પાણીથી જુદું જ રહે છે તેમ તારું દ્રવ્ય કર્મ વચ્ચે રહ્યું હોવા છતાં કર્મથી જુદું જ છે. ૯૦

✍ શિષ્યને ગુરુની કોઈ પણ વાતમાં શંકા ન થાય કે ગુરુ આ શું કહે છે! તે એમ વિચારે કે ગુરુ કહે છે તે તો સત્ય જ છે, હું સમજી શકતો નથી તે મારી સમજણનો દોષ છે. ૯૧

**આ તો લાખો શાસ્ત્રોનો નિચોડ છે, કેમકે લાખો શાસ્ત્રોને સ્વનો આશ્રય કરાવવો છે.**

**—પૂજ્ય ગુરુદેવશ્રી**

✍ જેમ સ્ફટિકમાં પ્રતિબિંબો દેખાવા છતાં સ્ફટિક નિર્મળ છે, તેમ જીવમાં વિભાવો જણાવા છતાં જીવ નિર્મળ છે—નિર્લેપ છે. ૯૨

✍ નિર્મળ પર્યાયે પરિણમતાં, જેમ કમળ સર્વ પાંખડીએ ખીલી ઊઠે તેમ આત્મા ગુણરૂપ અનંત પાંખડીએ ખીલી ઊઠે છે. ૯૩

✍ જેને ચૈતન્યદેવનો મહિમા નથી તેને અંદર વસવાટ કરવો દુર્લભ છે. ૯૪

✍ હે શુદ્ધાત્મા! તું મુક્તસ્વરૂપ છો. તને ઓળખવાથી પાંચ પ્રકારનાં પરાવર્તનોથી છુટાય છે માટે તું સંપૂર્ણ મુક્તિને દેનાર છો. ૯૫

✍ વિભાવોમાં અને પાંચ પરાવર્તનોમાં ક્યાંય વિશ્રાંતિ નથી. ચૈતન્યગૃહ જ ખરું વિશ્રાંતિગૃહ છે. ૯૬

✍ એક મ્યાનમાં બે તલવાર સમાઈ શકતી નથી. ચૈતન્યનો મહિમા અને સંસારનો મહિમા બે સાથે ન રહી શકે. ૯૭

✍ આંખમાં કણું ન સમાય, તેમ વિભાવનો અંશ હોય ત્યાં સુધી સ્વભાવની પૂર્ણતા ન થાય. ૯૮

✍ મુક્તદશા પરમાનંદનું મંદિર છે. તે મંદિરમાં નિવાસ કરતા મુક્ત આત્માને અસંખ્ય પ્રદેશે અનંત આનંદ પરિણમે છે. ૯૯

✍ ધ્યાન તે સાધકનું કર્તવ્ય છે. પણ તે તારાથી ન થાય તો શ્રદ્ધા તો બરાબર કરજે જ. ૧૦૦

✍ અંદર ઉપયોગ જાય ત્યાં બધા નયપક્ષ છૂટી જાય છે; આત્મા જેવો છે તેવો અનુભવમાં આવે છે. ૧૦૧

---

પ્રશ્ન :—તત્ત્વનું શ્રવણ-મનન કરવા છતાં સમ્યગ્દર્શન કેમ થતું નથી ?

ઉત્તર :—ખરેખર અંતરથી રાગના દુઃખનો થાક લાગ્યો નથી એટલે તેને વિસામાનું સ્થાન—શાંતિનું સ્થાન હાથમાં આવતું નથી. ખરેખર અંદરથી દુઃખનો થાક લાગે છે તેને અંદરમાં જતાં વિસામાનું સ્થાન હાથ આવે છે. સત્યના શોધવાવાળાને સત્ય મળે નહીં એમ બનતું નથી. —પૂજ્ય ગુરુદેવશ્રી

**આજ બેનનો જન્મદિવસ છે ને! બધાને કેટલો ઉત્સાહ દેખાય છે; તેમને કાંઈ છે? અધ્યાત્મમાં એમની સ્થિતિ ઉદાસ ઉદાસ ને ઠરેલી છે. —પૂજ્ય ગુરુદેવશ્રી**

બોલ નં. ૨૫૨ પાના નંબર ૬૬




# અરિહંત ભગવાનનું સ્વરૂપ

(શ્રી નિયમસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચન)

(તા. ૨૨-૪-૪૪, શુક્રવાર)



હવે અરિહંતને અઢાર દોષો હોતા નથી, તે અઢાર દોષોનું વર્ણન કુંદકુંદાચાર્ય કહે છે :—

छुहतण्हभीरुरोसो रागो मोहो चिंता जरा रुजा मिच्चु।
स्वेदं खेद मदो रइ, विण्हियणिद्दा जणुव्वेगो॥६॥
क्षुधा तृष्णा भयं रोषो रागो मोहश्चिन्ता जरा रुजा मृत्युः।
स्वेद खेदो मदो रतिः विस्मयनिद्रे जन्मोद्वेगौ॥६॥

ભગવાન શ્રી અરિહંતદેવને નીચેના અઢાર દોષો હોતાં નથી—

૧—ક્ષુધા ન હોય, ૨—તૃષા ન હોય, ૩—ભય ન હોય, પૂર્ણ સ્વરૂપમાં ભય શો? ૪—ક્રોધ ન હોય, ૫—રાગ ન હોય, ૬—મોહ ન હોય, ૭—ચિંતા ન હોય, ૮—જરા ન હોય, શરીરમાં જીર્ણતા આવે નહીં. આ શરીરનું વર્ણન તો પુણ્ય પ્રકૃતિનો કેવો ઉદય છે તેનું વર્ણન છે. સ્વભાવની એવી પવિત્રતા ઊઘડી છે કે તેનાથી પુણ્ય પ્રકૃતિ પણ એવી થઈ ગઈ કે શરીરના પરમાણુઓ ફરી ગયા. ૯—રોગ ન હોય; પ્રશ્ન :—કર્મ તો બાકી છે ? ઉત્તર :—કોઈ કર્મ એવું નથી કે જે કારણે શરીરમાં રોગ આવે. ૧૦—મૃત્યુ નથી, કેમ કે દેહનું છૂટવું તે મરણ નથી, પણ એક દેહ છોડ્યા પછી બીજો દેહ ધારણ કરવો પડે તો તે મરણ છે. ૧૧—પરસેવો ન હોય, ૧૨—ખેદ ન હોય, ૧૩—અભિમાન ન હોય, ૧૪—રતિ ન હોય, રતિ એટલે ખુશી થવું તે રાગ છે, રાગ ભગવાનને નથી. ખુશી નથી તેથી કાંઈ મોઢું શોકમાં ન હોય, સ્વરૂપનો આનંદ તો છે, પણ વિકારનું ખુશીપણું નથી. ભગવાનને દેહની ક્રિયા પ્રારબ્ધ યોગે છે, તેમાં ભગવાનને ઈચ્છા નથી. ૧૫—વિસ્મય નથી, વિસ્મય અર્થાત્ આશ્ચર્ય તો કાંઈ ન જાણ્યું હોય તેમાં થાય, પણ ભગવાને

**ભાષા તો સાદી છે પણ અંદર ભાવ ઘણા ઊંડા છે. બેનના અનુભવમાંથી અંદરથી આવેલી વાત છે. આ કોઈ ગોખી રાખેલી–ધારી રાખેલી વાત નથી. —પૂજ્ય ગુરુદેવશ્રી**

ન જાણ્યું હોય તેવું કાંઈ પણ બનતું નથી અને જે જાણ્યું છે તેમાં આશ્ચર્ય ન હોય. કોઈ કહે—મુંબઈમાં હોનારતનો અકસ્માત થયો તેનું પણ આશ્ચર્ય નથી? તેનો ઉત્તર :— અકસ્માત કાંઈ પણ થતો જ નથી. જે થાય છે તે બધું વ્યવસ્થિત જ છે. ન બનવાનું કાંઈ પણ નવું બનતું નથી. જે પ્રમાણે અવસ્થાની વ્યવસ્થા છે તે પ્રમાણે જ થાય છે, તેમાં ફેરફાર કરવા કોઈ સમર્થ નથી. માત્ર પોતાના ભાવમાં સમતા રાખે કે વિષમતા રાખે એ જીવ કરી શકે છે. શરીરાદિ પર વસ્તુ છે તે રહેવાનાં હોય તો ટળે નહીં, અને સ્થિતિ ન હોય તો ગમે તેમ કરે પણ રહે નહીં, પોતાના ભાવમાં ફેર પાડી શકે. બહારમાં સગવડતા કે અગવડતા નથી, માત્ર કલ્પના છે. ભગવાને બધું જાણ્યું હોવાથી વિસ્મય નથી. ૧૬—નિદ્રા હોય નહીં, સ્વરૂપમાં જાગ્રતિ જ વર્તે છે. ૧૭—જન્મ ન હોય અને ૧૮—આકુળતા ન હોય. આ પ્રમાણે અઢાર મહાદોષો ભગવાનને હોતા નથી.

વિશેષ :—**ક્ષુધા** :—અસાતા વેદનીયના તીવ્ર કે મંદ ઉદયથી ચિત્તમાં ક્લેશ થવો અર્થાત્ ભૂખની પીડા તે ક્ષુધા છે. અસાતાનો ઉદય તો નિમિત્ત છે, તેમાં જોડાઈને અંદર જેટલો વિકારી ભાવ થાય તે ક્ષુધા છે. કેવળી ભગવાનને મોહનો અભાવ હોવાથી તેને વેદનીય કર્મ ક્ષુધા ઉપજાવી શકતું નથી. ભગવાનને વેદનીય કર્મ છે પણ તેમાં રતિ કે અરતિ નથી. જો સાતા વખતે રતિ અને અસાતા વખતે અરતિ હોય તો તે ક્ષુધાનું વેદન કરાવવા સમર્થ છે, પણ મોહના નાશથી કેવળી ભગવાન તો પોતાના આનંદમય સ્વરૂપના અનુભવમાં લીન થઈ ગયા છે અને અતીન્દ્રિય અનંત સુખનો ભોગવટો કરી રહ્યા છે; તે અનુભવસ્વાદથી (આત્મઉપયોગથી) છૂટીને અસાતામાં ભગવાનનું જોડાણ થાય અને પછી ભોજનદ્વારા અસાતાનું દુઃખ મટાડીને ફરી સાતા આવે અને ત્યારપછી અંતર ઉપયોગમાં ભગવાન જોડાય એમ બનતું નથી.

કોઈ અજ્ઞાનીઓ કેવળીને હંમેશ આહાર કરનાર ઠરાવે છે, તથા ભગવાનનું શરીર હંમેશાં આહાર કરે છે માટે સુંદર રહે છે એમ કહીને ભગવાનને ખોરાકાદિના આહારક ઠરાવે છે, પણ કેવળીને એવા આહારાદિ કાંઈ હોતું નથી. તેમનું શરીર જ પરમ ઔદારીક હોય છે, નોકર્મના રજકણો શરીરમાં આવે છે. અનંતચતુષ્ટયવાળા સર્વજ્ઞને આહાર કહેવો તે અનંતચતુષ્ટયમાં વિઘ્નરૂપ છે. અંતરાય કર્મનો નાશ હોવાથી અનંતબળના ધણી થયા છે, તેમને ભૂખની મલીનતા હોય નહીં. જ્યાં દેવનું સ્વરૂપ જ

(જુઓ અનુસંધાન પેજ નં. ૧૮ ઉપર)

**શબ્દો ટૂંકા છે પણ ભાવ બહુ ઊંચા છે. —પૂજ્ય ગુરુદેવશ્રી**



# તત્ત્વનિર્ણયની દુર્લભતા

(સત્તાસ્વરૂપ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન)
(વિ.સં. ૨૦૦૦, શ્રાવણ વદ ૧૨ મંગળવાર)

હવે કહે છે કે આગમના યથાર્થ અભ્યાસના ટાણાં મોંઘાં છે ભાઈ! આ સંસારનું પરિભ્રમણ આજકાલનું નથી, પણ અનાદિનું છે. તેમાં જગતની વકીલાત વગેરેના અભ્યાસ કરી કરીને જીવનો સોડ નીકળી ગયો છે. તેથી શાસ્ત્રાભ્યાસના ટાણાં મળવા દુર્લભ છે. પ્રભુ! અનાદિકાળમાં તારો ઘણો ઘણો કાળ તો એકેન્દ્રિય પર્યાયમાં જ ગયો છે. અનંત અનંત કાળ વીત્યો તેમાં ઘણો તો એકેન્દ્રિયમાં જ ગયો છે. ત્રસની સ્થિતિ તો માત્ર ૨૦૦૦ સાગરની છે. એકેન્દ્રિયના કાળને હિસાબે તો તે કાળ અલ્પ જ છે. આત્માનું ભાન ન કર્યું અને ત્રસનો કાળ ખૂટ્યો એટલે જીવનો અનંતકાળ એકેન્દ્રિયમાં જાય છે. એકેન્દ્રિય પર્યાયમાં જન્મી–મરીને જીવ અનંત દુ:ખ પામ્યો છે. આ મનુષ્યપણું તો અત્યંત દુર્લભ છે. એકેન્દ્રિય પર્યાયમાં સ્પર્શેન્દ્રિય સંબંધી કિંચિત્ જ્ઞાન હોય છે; ત્યાં અનંત દુ:ખ છે. જમશેદપુરની તાતા કંપનીની ભઠ્ઠીમાં કરોડોની ઉપજવાળા તાલુકાદારના રાજકુંવરને શણગારીને જીવતો બાળી મૂકે અને તેને જે પીડા થાય તેના કરતાં અનંત ગણી પીડા એકેન્દ્રિયપણામાં દરેક જીવ અનંતવાર ભોગવી ચૂક્યો છે; તે પર્યાયમાં માત્ર સ્પર્શેન્દ્રિયનું અને તે પણ કિંચિત્ જ જ્ઞાન છે. તે એકેન્દ્રિયથી લઈને દ્વીન્દ્રિય, ત્રીન્દ્રિય, ચતુરિન્દ્રિય અને અસંજ્ઞી પંચેન્દ્રિય સુધીના પ્રાણીઓને તો તત્ત્વનો વિચાર કરવાની શક્તિ જ નથી. અહીં સુધીના સુખ–દુ:ખની લાગણીના કે એવા બીજા વિચારની વાત નથી, પણ શાસ્ત્રના વિચારની વાત છે. અસંજ્ઞી પંચેન્દ્રિય સુધી તો વિચાર કરવાના ટાણાં જ નથી, એ તો બધા મન વગરના છે. હવે લઈએ મનવાળા પ્રાણી! તેમાં નરકગતિમાં તો શાસ્ત્રાભ્યાસ થવાનો સંભવ જ નથી. કોઈક જીવે પૂર્વે સત્સમાગમ કર્યો હોય અને તેની વાસના કદાચિત્ રહી ગઈ હોય તો તે જીવને આત્માનો અંતરંગ વિચાર થાય, પણ ત્યાં શાસ્ત્રાભ્યાસના ટાણાં તો ન જ મળે. પછી દેવગતિ–તેમાં જે નીચ જાતિના દેવો છે તેઓ તો વિષય-સામગ્રી મળી છે તેમાં જ અત્યંત આસક્ત છે, તેમાં એવા લીન છે કે તેમને ધર્મવાસના જ થતી નથી, તેથી તેમને પણ શાસ્ત્રાભ્યાસના ટાણાં નથી. ઉચ્ચપદવાળા કોઈક દેવોને ધર્મની વિચારણા થાય છે,

**ભાષા મીઠી છે, સાદી છે પણ ભાવો ઊંડા ને ગંભીર છે. —પૂજ્ય ગુરુદેવશ્રી**

તો તેમણે પણ વિશેષપણે મનુષ્યપણામાં શાસ્ત્રાભ્યાસાદિ કરેલ હોય છે. તે મનુષ્યપણામાં કરેલા ધર્મસાધનની યોગ્યતાથી ઉચ્ચપદવાળા દેવ થાય છે.

અસંખ્યાતા જીવોમાં કોઈક જીવ મોટો દેવ થાય. તેને એમ થાય કે અરેરે ! મનુષ્યપણામાં અમારી સાધના અધૂરી રહી ગઈ; એમ ધર્મવાસના ઉત્પન્ન થાય છે. જીવ વિશેષપણે મનુષ્યપણામાં જ ધર્મસંસ્કાર પામે છે. 'વિશેષપણે' એ ખાસ શબ્દ મૂક્યો છે. તીર્થંકરની સભામાં કોઈ ઢોર વગેરે પણ ધર્મોપદેશ સાંભળીને આત્મભાન પામી જાય છે. તેની અહીં મુખ્યતા નથી, તેથી 'વિશેષપણે મનુષ્યપણામાં' એવી ભાષા વાપરી છે.

મનુષ્ય પર્યાયમાં પણ કેટલાક મનુષ્ય જીવોનું આયુષ્ય તો ઘણું જ અલ્પ છે. તે જીવોને તો પર્યાપ્તિની પૂર્ણતા જ થતી નથી, શરીરનું બંધારણ જ પૂરું થતું નથી; એ તો માતાના ઉદરમાં જ મરી જાય છે. જેને આહાર, શરીર, ઈન્દ્રિય, શ્વાસોશ્વાસ, ભાષા અને મન એ છ પ્રકારની પર્યાપ્તિની પૂર્ણતા જ નથી એવા જીવને તો સત્શાસ્ત્રોનો જોગ જ નથી. વળી કદાચિત્ છ પર્યાપ્તિ પૂરી થાય અને અલ્પ આયુષ્ય પામે તો ઘણાં તો બાલ્ય અવસ્થામાં જ મરણ પામે. કદાચિત્ આયુષ્ય વધારે હોય તો શૂદ્ર વગેરે નીચ કુળમાં જન્મે, અને સારું કુળ મળે તો ઈન્દ્રિયોની પૂર્ણતા દુર્લભ છે. ઈન્દ્રિયોની પૂર્ણતા મળે તો નિરોગ શરીર દુર્લભ છે, એ પણ મળે તો જ્યાં સત્‌શાસ્ત્રાદિનો જોગ બને એવા ગામમાં ઉપજવું દુર્લભ છે અને મોટા શહેરોમાં ઉપજે તો પણ જીવને ધર્મવાસના ઉપજવી દુર્લભ છે. અને કોઈ જીવોને ધર્મવાસના ઉપજે તો ત્યાં પણ સાચા દેવ-ગુરુ મળવા દુર્લભ છે. કુદેવ—કુગુરુ મળે તો અવતાર જાય મફતમાં ! સાચા દેવ—ગુરુનો સંયોગ મળવો મહાન દુર્લભ છે. હવે કોઈને કદાચિત્ તે સાચા દેવ—ગુરુનો જોગ પણ મળ્યો તો તે બહારમાં પુણ્યની ક્રિયામાં સલવાઈ જાય ! પૂજા કરો, દાન કરો, સંયમ પાળો, મહાવ્રત અંગીકાર કરો એનાથી ધર્મ થશે એમ માની બેસે છે, અને તે વ્યવહારધર્મમાં સલવાઈ જાય છે. જો પૈસા ખરચવાથી ધર્મ થાય એવું હોય તો ગરીબોને ધર્મ જ ન થાય. સાચા દેવ—ગુરુનો સંયોગ પામીને પણ ઘણા જીવો ઉપવાસાદિમાં ઉતરી પડ્યા, અને મંડ્યા તપસ્યા કરવા ને તેમાં જ ધર્મ માની બેઠા અને તત્ત્વ રહી ગયું એક બાજુ !

પાપ કરવાની વાત તો હોય જ નહીં, પણ અશુભભાવ છોડાવવા માટે શુભભાવનું કથન આવે ત્યાં વળગી પડે શુભને; પણ તત્ત્વનો યથાર્થ નિર્ણય કર્યા વગર તારા જન્મ—મરણનો અંત નહીં આવે. કોઈ જીવ તત્ત્વનો નિર્ણય તો કરે નહિ,

**દિવ્યધ્વનિનો આ અવાજ છે. —પૂજ્ય ગુરુદેવશ્રી**

વ્યવહારની વાસનાથી નવરો થાય નહિ અને કહે કે સમજવાનું શું કામ છે, આપણે સમજી સમજીને કરવું છે તો આ જ ને ? પણ ભાઈ ! કરવાનું અંતરમાં કાંઈક જુદું છે. પ્રથમ વસ્તુ તો સમજ ! સમજ્યા પછી શું કરવાનું છે તે ખબર પડશે.

કોઈ એમ કહે કે કેવળી થઈએ ત્યારે આ સમજાયને ! અત્યારે આપણને આ સમજાય નહીં, અત્યારે તો ક્રિયા કરવાની ! તો એમ માનનાર કેવળી તો નહીં થાય, પણ કેવળ એક ઇન્દ્રિયવાળો (નિગોદ) થવાનો. વ્યવહારધર્મ એટલે શું ? કે વર્તમાન પૂરતો રાગનો મંદભાવ; પણ તેનાથી આત્માના જન્મ–મરણનો અંત ન આવે. કદાચિત્ કોઈ જીવને સાચા દેવ-ગુરુનો સંયોગ મળે અને પૂજા, દાન, શીલ, વ્રત, સંયમ વગેરે વ્યવહાર-ધર્મની વાસના પણ ઉપજી જાય, પરંતુ જેનાથી અનાદિ મિથ્યાત્વનો રોગ ટળે, ઊંધી માન્યતારૂપી ક્ષયરોગ નાશ પામે એવા કારણનું મળવું તો ઉત્તરોત્તર મહાન દુર્લભ છે. આ હલકા કાળમાં જૈનધર્મના યથાર્થ જ્ઞાન–શ્રદ્ધાનપૂર્વક ચારિત્ર ધર્મ તો કઠણ જ છે. આમ છે તો હવે જીવોએ શું કરવું તે કહે છે.

તત્ત્વનો નિર્ણય કરવો તે પણ એક ધર્મ છે, અને તેનું ફળ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર છે. જૈનધર્મ અનુસાર યથાર્થ જ્ઞાન–શ્રદ્ધાનપૂર્વકનું ચારિત્ર મોંઘું છે, તો પણ તત્ત્વનિર્ણયરૂપ ધર્મ તો બાળક પણ કરી શકે છે. આઠ વર્ષની બાલિકા કે મોટો વૃદ્ધ દરેક તત્ત્વનિર્ણય કરી શકે છે. વૃદ્ધ તો શરીર થયું છે, અને શરીર વૃદ્ધ થાય તેથી કાંઈ આત્મામાંથી તત્ત્વનિર્ણય કરવાની શક્તિ ચાલી જતી નથી. બાળ, વૃદ્ધ, રોગી, નિરોગી, ધનવાન, નિર્ધન, સુક્ષેત્રી કે કુક્ષેત્રી વગેરે જે જીવ ધારે તે બધા તત્ત્વનિર્ણય કરી શકે છે, તત્ત્વનિર્ણય એ પણ ધર્મ છે. રોટલાના સાધનની ધર્મમાં જરૂર પડતી નથી. રોટલા બરાબર હોય તો જ ધર્મ થાય એવું હોય તો ધર્મ પરાધીન બને–એવું ધર્મનું સ્વરૂપ નથી. ગમે તે તત્ત્વનિર્ણય કરી શકે છે. સુક્ષેત્ર કે કુક્ષેત્ર ગમે તે અવસ્થામાં તત્ત્વનિર્ણય પ્રાપ્ત કરી શકાય છે.

આ રીતે કોને તત્ત્વનિર્ણય થઈ શકતો નથી, અને કોને થઈ શકે છે તે બતાવ્યું; તો હવે જેને તત્ત્વનિર્ણય થઈ શકે છે તેણે તત્ત્વનિર્ણય કરવા માટે શું કરવું તે વાત કહેવાશે. (ક્રમશઃ)

❀

**શબ્દો થોડા પણ ભાવ ઘણા ઊંચા છે. —પૂજ્ય ગુરુદેવશ્રી**



# વૈરાગ્ય–ભાવના

(શ્રી સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચન)

जो संचिऊण लच्छिं धरणियले संठवेदि अइदूरे।
सो पुरिसो तं लच्छिं पाहाण-समाणियं कुणदि॥१४॥

**अर्थ :—**જે પુરુષ પોતાની લક્ષ્મીને ઘણી ઊંડી પૃથ્વી-તળમાં દાટે છે, તે પુરુષ એ લક્ષ્મીને પાષાણ સમાન કરે છે. ૧૪.

પહેલાંના વખતમાં જમીનમાં લક્ષ્મી દાટતા, તેને બદલે અત્યારે તિજોરીમાં સંઘરે છે. શાસ્ત્રમાં અલંકારથી કહે છે કે કૃપણના ઘરે લક્ષ્મી કેમ સ્થિર રહે છે ? તો કહે છે કે ઉદાર માણસને ત્યાં વારંવાર હેરફેર થતાં લક્ષ્મીને થાક લાગ્યો, તે અહીં કૃપણને ત્યાં નિરાંતે બેઠી છે. એમ કહીને લોભી ઉપર કટાક્ષ કર્યો છે. જેમ જમીનમાં પત્થર દાટે તેમ ચૈતન્યલક્ષ્મીના અજાણ અને જડલક્ષ્મીના લોભી જીવો, જમીનમાં લક્ષ્મીને દાટે છે પણ દાનાદિમાં વાપરતા નથી, તેથી તેની લક્ષ્મી પણ પત્થર સમાન જ છે. જેની પાસે લક્ષ્મી ન હોય તે લક્ષ્મીની મમતા કરી રહ્યા હોય તે પણ કૃપણ જ છે. ચિદ્‌ઘન જ્ઞાનલક્ષ્મીમાં આત્માને સ્થિર કરવો જોઈએ કે ''સિદ્ધ સમાન સદા પદ મેરો'' એવી ભાવના હોય તેને લક્ષ્મી વગેરેની મમતા હોય નહિ, લક્ષ્મીને અનિત્ય જાણી પછી તેને સંઘરવાની મમતા કેમ રહે ? અજ્ઞાની માને કે જમીનમાં દાટીને કે તિજોરીમાં ભરીને હું લક્ષ્મીને સાંચવું છું, પણ અહીં શાસ્ત્રકાર કહે છે કે તું તારી લક્ષ્મીને પત્થર સમાન કરે છે.

अणवरयं जो संचदि लच्छिं ण य देदि णेय भुंजेदि।
अप्पणिया वि य लच्छी पर-लच्छी-समाणिया तस्स॥१५॥

**अर्थ :—**જે પુરુષ લક્ષ્મીનો નિરંતર સંચય જ કરે છે પણ નથી દાન કરતો કે નથી ભોગવતો, તે પુરુષ પોતાની લક્ષ્મીને પરના જેવી કરે છે. ૧૫.

જે પુરુષ લક્ષ્મીનો પાત્ર-દાન વગેરેમાં ઉપયોગ નથી કરતો ને પુત્ર વગેરે માટે સંઘરી રાખે છે તે તો લક્ષ્મીનો રખોપિયો છે. શરીરના પોષણ માટે ધન ખર્ચે અને ધર્મ-પ્રભાવના વગેરેમાં ખર્ચવામાં કંજુસાઈ કરે તો તેને ધર્મનો પ્રેમ નથી.

**આ બેનના વચનામૃતના ૪૩૨ બોલ છે. એક એક બોલ અમૂલ્ય છે, પણ સમજવા માટેની તૈયારી જોઈએ. —પૂજ્ય ગુરુદેવશ્રી**

જુઓ, ભગવાનના ધ્વનિમાં પણ તૃષ્ણા ઘટાડવા માટે આવો ઉપદેશ આવે છે. જે જીવને તે જાતનો ક્ષયોપશમ હોય તેને એવું શ્રવણમાં આવે કે ભગવાને પાત્રદાનનો ઉપદેશ કર્યો, ભગવાને લક્ષ્મીની મમતા ટાળવાનો ઉપદેશ કર્યો.

જુઓ, ધ્યાન રાખજો કે આ સાધારણ લૌકિક વાત નથી, પણ હું ચિદાનંદ આત્મા ધ્રુવ છું ને લક્ષ્મી વગેરે બધુ અધ્રુવ છે—એમ વસ્તુસ્વરૂપના જ્ઞાનપૂર્વકની અનિત્ય ભાવના ભાવતાં લક્ષ્મી વગેરેની મમતા ઘટી જાય છે. એ રીતે વસ્તુસ્વરૂપના ભાન સહિતની ભાવનાઓનું આ વર્ણન છે.

✶

(અનુસંધાન પેજ નં. ૧૩ થી ચાલુ)

વિકૃત માને ત્યાં સાચા ધર્મના સ્વરૂપની શ્રદ્ધા જ ક્યાં રહી ?

સ્વર્ગના દેવને પુણ્યના ફળમાં કંઠમાંથી એક ટીપું આવે અને તેને હજારો વર્ષ ખોરાક લેવો ન પડે, સાધારણ લૌકિક પુણ્યના ફળમાં પણ આટલા વર્ષ આહાર નથી હોતો, તો કેવળીને આહાર કેમ હોય ? કેવળીને તો સમયે સમયે સ્વામૃત—આત્માનંદનું ભોજન (સ્વરૂપનો અનુભવ) છે.

**૨—તૃષા :**—અસાતાના તીવ્ર, તીવ્રતર, મંદ અને મંદતર ઉદયમાં જોડાવાથી આકુળતા થવી તેનું નામ તૃષા છે. ભગવાનને મોહ નહિ હોવાથી તૃષા નથી. અમુક પાણી પીએ તો જ શરીર બરાબર રહે એવો નિયમ નથી. કેટલાક એક દિવસમાં બશેર પાણી પીએ છે અને કેટલાક પંદર શેર પી જાય છે, તે પાણી પીવાથી સાતા રહે છે એવું નથી. અસાતાના ઘણા પ્રકાર છે, તૃષા પણ અસાતાનો ભેદ છે. નિરંતર આત્મરસના પીવાવાળા ભગવાનને ક્ષણીક તૃષા ટાળનારી એવી પાણીની તૃષા કેમ હોય? ન જ હોય.

આ રીતે બે દોષોનું વર્ણન વિસ્તારથી કર્યું, હવે બીજા દોષોની વ્યાખ્યા કહેવાશે.

(ક્રમશઃ)

❀

**બેનનું પુસ્તક વાંચીને લોકો બહુ ખુશી થાય છે. ખરે ટાણે પુસ્તક બહાર આવી ગયું છે. લોકોના ભાગ્ય છે કે આવું સરળ ને સાદી ભાષામાં છતાં ગંભીર પુસ્તક બહાર આવી ગયું છે. —પૂજ્ય ગુરુદેવશ્રી**

# મોક્ષનું બીજ સમ્યક્ત્વ; સંસારનું બીજ મિથ્યાત્વ.

(સમ્યગ્દર્શન માટે પરમ પ્રયત્નનો ઉપદેશ)

(શ્રી પદ્મનંદિ પંચવિંશતિકાના દેશવ્રતોદ્યોતન અધિકાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન)

અહા, સમ્યગ્દર્શન થતાં ચૈતન્યના ભંડારની તિજોરી ખૂલી ગઈ, હવે તેમાંથી જ્ઞાન—આનંદનો માલ જેટલો જોઈએ તેટલો બહાર કાઢ. પહેલાં મિથ્યાત્વના તાળામાં એ ખજાનો બંધ હતો, હવે સમ્યગ્દર્શનરૂપી કૂંચી વડે ખોલતાં ચૈતન્યના અખૂટ ભંડાર પ્રગટ્યા....સાદિ-અનંતકાળ સુધી એમાંથી કેવળજ્ઞાન ને પૂર્ણ આનંદ લીધા જ કર....લીધા જ કર.....તોપણ તે ભંડાર ખૂટે તેમ નથી, તેમ જ ઓછો પણ થાય તેમ નથી. અહા, સર્વજ્ઞપ્રભુએ અને વીતરાગી સન્તોએ આવો ચૈતન્યભંડાર ખોલીને બતાવ્યો, તો એને કોણ ન લ્યે? કોણ ન અનુભવે!

સમ્યગ્દર્શન વગર ગમે તેટલું કરે તોપણ ચૈતન્યના ભંડાર ખૂલે નહિ, મોક્ષમાર્ગ પ્રગટે નહિ, શ્રાવકપણું પણ થાય નહિ. જે જીવ સાચા દેવ-ગુરુ-ધર્મનો વિરોધ કરે છે ને કુદેવ-કુગુરુ-કુધર્મનો આદર કરે છે તેને તો વ્યવહારથી પણ શ્રાવકપણું હોતું નથી, તે તો મિથ્યાત્વના તીવ્ર પાપમાં ડૂબેલા છે; એવા જીવને તો, પૂર્વનાં પુણ્ય હોય તે પણ ઘટી જાય છે. એવા જીવોને તો મહાપાપી કહીને પહેલી ગાથામાં નિષેધ કર્યો છે, એનામાં ધર્મની લાયકાત નથી. અહીં તો સાચા શ્રાવક—ધર્માત્મા થવા માટે સૌથી પહેલાં સર્વજ્ઞદેવની ઓળખાણપૂર્વક સમ્યગ્દર્શનની શુદ્ધિ કરવાનો ઉપદેશ છે.

કોઈ કહે કે 'અમે દિગંબર ધર્મના સંપ્રદાયમાં જન્મ્યા એટલે સમ્યગ્દર્શન તો અમને હોય જ.'—તો એ વાત સાચી નથી. સર્વજ્ઞદેવે જેવો કહ્યો તેવા પોતાના ચૈતન્યસ્વભાવને ઓળખ્યા વગર કદી સમ્યગ્દર્શન થાય નહિ. દિગંબર ધર્મ તો સાચો જ છે, પણ તું પોતે સમજ ત્યારે ને! સમજ્યા વગર એ સત્યનો તને શો લાભ? તારા ભગવાન અને ગુરુ તો સાચા છે પણ તેમનું સ્વરૂપ ઓળખ ત્યારે તું સાચો થા. ઓળખ્યા વગર તને શું લાભ? (સમજ્યા વણ ઉપકાર શો?)

ધર્મની ભૂમિકા સમ્યગ્દર્શન છે, ને મિથ્યાત્વ તે મોટું પાપ છે. મિથ્યાદ્રષ્ટિ

**અરે! એકવાર મધ્યસ્થપણે આ વાંચે તો ખરો! —પૂજ્ય ગુરુદેવશ્રી**

મંદકષાય કરીને તેને મોક્ષનું કારણ માને ત્યાં તેને અલ્પ પુણ્ય સાથે મિથ્યાત્વનું મોટું પાપ બંધાય છે. માટે મિથ્યાત્વને ભગવાને ભવનું બીજ કહ્યું છે. મિથ્યાદષ્ટિ જીવ પુણ્ય કરે તોપણ તે કાંઈ તેને મોક્ષનું કારણ થતું નથી. સમકિતીને પુણ્ય-પાપ થતા હોવા છતાં તે તેને ભવનું બીજ નથી. સમકિતીને સમ્યક્ત્વમાંથી મોક્ષનો ફાલ આવશે, ને મિથ્યાદષ્ટિને મિથ્યાત્વમાંથી સંસારનો ફાલ આવશે. માટે મોક્ષાભિલાષી જીવોએ સમ્યગ્દર્શનની પ્રાપ્તિનો અને તેની રક્ષાનો પરમ ઉદ્યમ કરવો.

જે સમ્યગ્દર્શનનો ઉદ્યમ કરતો નથી ને પુણ્યને મોક્ષનું સાધન સમજીને તેની રુચિમાં અટકી જાય છે તેને કહે છે કે અરે મૂઢ ! તને ભગવાનની ભક્તિ કરતાં આવડતી નથી; ભગવાન તારી ભક્તિને સ્વીકારતા નથી, કેમકે તારા જ્ઞાનમાં તેં ભગવાનને સ્વીકાર્યા નથી. પોતાના સર્વજ્ઞસ્વભાવને જેણે ઓળખ્યો તેણે ભગવાનને સ્વીકાર્યા, ને ભગવાને તેને મોક્ષમાર્ગમાં સ્વીકાર્યો, તે ભગવાનનો ખરો ભક્ત થયો. દુનિયા ભલે તેને ન માને કે પાગલ કહે પણ ભગવાને અને સંતોએ તેને મોક્ષમાર્ગમાં સ્વીકાર્યો છે, ભગવાનના ઘરે તે પહેલો છે. ભગવાનના જ્ઞાનમાં જેની મહા પાત્રતા ભાસી તેના જેવું મોટું માન ક્યું ? તે તો ત્રણલોકમાં સૌથી મહાન એવા સર્વજ્ઞતાને પામશે. અને દુનિયા ભલે પૂજતી હોય–પણ ભગવાને જેને ધર્મને માટે નાલાયક કહ્યો તો તેના જેવું અપમાન બીજું ક્યું ? અહો, ભગવાનની વાણીમાં જે જીવને માટે એમ આવ્યું કે આ જીવ તીર્થંકર થશે, આ જીવો ગણધર થશે–તો એના જેવું મહાભાગ્ય બીજુ ક્યું ? સર્વજ્ઞના માર્ગમાં સમ્યગ્દષ્ટિનું મોટું સન્માન છે; ને મિથ્યાદષ્ટિપણું તે જ મોટું અપમાન છે.

આ ઘોર દુઃખથી ભરેલા સંસારમાં રખડતાં જીવને સમ્યગ્દર્શન પામવું બહું દુર્લભ છે; પણ તે જ ધર્મનું મૂળ છે એમ જાણીને આત્માર્થીએ પહેલાં જ તેનો ઉદ્યમ કરવો જોઈએ. જો મુનિદશા થઈ શકે તો કરવી, અને તે ન થઈ શકે તો શ્રાવકધર્મનું પાલન કરવું–એમ કહેશે, પણ તે બંનેમાં સમ્યગ્દર્શન તો પહેલાં હોવું જોઈએ,—એ મૂળભૂત રાખીને પછી મુનિધર્મ કે શ્રાવકધર્મની વાત છે.

પ્રશ્ન :—એ સમ્યગ્દર્શન કેમ થાય ?

ઉત્તર :—'भूयत्थमस्सिदो खलु सम्माइट्ठी हवइ जीवो' એટલે સંયોગ અને વિકાર વગરનો શુદ્ધ ચિદાનંદસ્વભાવ કેવો છે તેને લક્ષમાં લઈ અનુભવ કરતાં સમ્યગ્દર્શન થાય છે. સમ્યગ્દર્શન બીજા કોઈના આશ્રયે થતું નથી. સંયોગ કે બંધભાવ જેટલો જ આત્માને

અનુભવવો ને જ્ઞાનમય અબંધસ્વભાવી આત્માને ભૂલી જવો તે મિથ્યાત્વ છે. મિથ્યાત્વ સહિતની ક્રિયાઓ તે બધી એકડા વગરના મીંડાની જેમ ધર્મને માટે વ્યર્થ છે. છઢાળામાં પં. દૌલતરામજીએ પણ કહ્યું છે કે—

"મુનિવ્રત ધાર અનંત બાર ગ્રીવક ઉપજાયૌ,
પૈ નિજ આતમજ્ઞાન વિના, સુખ લેશ ન પાયૌ."

ગણધરાદિ સંતોએ સમ્યગ્દર્શનને મોક્ષનું બીજ કહ્યું છે. બી વગર ઝાડ ઉગાડવા માંગે તો ક્યાંથી ઊગે?—લોકો એને મૂર્ખ કહે. તેમ સમ્યગ્દર્શન વગર જે ધર્મનું ઝાડ ઉગાડવા માંગે છે તે પણ પરમાર્થમાં મૂર્ખ છે. અંતરમાં જેને રાગની સાથે એકતા અત્યંત તૂટી છે ને બહારમાં વસ્ત્રાદિનો પરિગ્રહ છૂટ્યો છે એવા વીતરાગી સન્ત-મહાત્માનું આ કથન છે.

જીવે અનંતકાળમાં બીજું બધું મેળવ્યું છે પણ શુદ્ધ સમ્યગ્દર્શન કદી પ્રાપ્ત કર્યું નથી; મોટો દેવ ને રાજા-મહારાજા અનંતવાર થયો તેમ જ ઘોર નરક-તિર્યંચનાં દુઃખો પણ અનંતવાર ભોગવ્યાં, પણ હું પોતે જ્ઞાનગુણનો ભંડાર ને આનંદસ્વરૂપ છું—એવી આત્મપ્રતીતિ કે અનુભવ તેણે પૂર્વે કદી ન કર્યો. સન્તો કરુણાથી કહે છે કે હે ભાઈ! તને આવા ચૈતન્યતત્ત્વની પ્રતીતિનો અવસર ફરી ફરી ક્યાં મળશે? માટે આવો અવસર પામીને તેનો ઉદ્યમ કર; જેથી આ ભવદુઃખથી તારો છૂટકારો થાય.

એ સમ્યગ્દર્શનનું સાધન શું? તો કહે છે કે ભાઈ! તારા સમ્યગ્દર્શનનું સાધન તો તારામાં હોય, કે તારાથી બહાર હોય? આત્મા પોતે સત્સ્વભાવી-સર્વજ્ઞસ્વભાવી પરમાત્મા છે, તેમાં અંતર્મુખ જોવાથી જ પરમાત્મા થવાય છે, બહારના સાધનથી થવાતું નથી. અંતરમાં જોનારો તે અંતરાત્મા ને બહારથી માનનારો તે બહિરાત્મા.

જેમ ગોટલામાંથી આંબા, ને બાવળમાંથી બાવળ પાકે છે, તેમ આત્મપ્રતીતિરૂપ સમ્યગ્દર્શનમાંથી તો મોક્ષના આંબા પાકે છે, ને મિથ્યાત્વરૂપ બાવળમાંથી બાવળ જેવી સંસારની ચારગતિ ફાટે છે. શુદ્ધ સ્વભાવમાંથી સંસરીને (બહાર નીકળીને) વિકારભાવમાં પરિણમ્યો તે જ સંસાર છે. શુદ્ધ સ્વભાવના આશ્રયે વિકારનો અભાવ ને પૂર્ણાનંદની પ્રાપ્તિ તે મોક્ષ છે. આ રીતે આત્માનો સંસાર ને મોક્ષ બધું પોતામાં જ સમાય છે, તેનું કારણ પણ પોતામાં જ છે. બહારની પર ચીજ કાંઈ આત્માના સંસારનું કે મોક્ષનું કારણ નથી.

**ટૂંકામાં બહુ સરળ ભાવ ભર્યા છે. —પૂજ્ય ગુરુદેવશ્રી**

જે આત્માનું અસ્તિત્વ માને, સંસાર-મોક્ષ માને, ચાર ગતિ માને, ચારે ગતિમાં દુઃખ લાગે ને તેનાથી છૂટવા માગે—એવા આસ્તિક જિજ્ઞાસુ જીવને માટે આ વાત છે. જગતમાં ભિન્ન ભિન્ન અનંત આત્માઓ અનાદિ અનંત છે. આત્મા અત્યાર સુધી ક્યાં રહ્યો? કે આત્માના ભાન વગર સંસારની જુદી જુદી ગતિઓમાં જુદા જુદા શરીરો ધારણ કરીને દુઃખી થયો. હવે તેનાથી કેમ છૂટાય ને મોક્ષ કેમ પમાય તેની આ વાત છે. અરે જીવ! અજ્ઞાનથી આ સંસારમાં તેં જે દુઃખો ભોગવ્યાં તેની શી વાત ? તેમાં સત્સમાગમે સત્ સમજવાનો આ ઉત્તમ અવસર આવ્યો, આવા વખતે જો આત્માની દરકાર કરીને સમ્યગ્દર્શન નહિ પામ તો, દરિયામાં પડેલા રત્નની જેમ આ ભવસમુદ્રમાં તારો ક્યાંય પત્તો નહિ ખાય, ફરી ફરીને આવો ઉત્તમ અવસર હાથ નહિ આવે. સમ્યગ્દર્શનની પ્રાપ્તિ મહા દુર્લભ જાણીને તેનો પરમ ઉદ્યમ કર.

અહીં તો સમ્યગ્દર્શન ઉપરાંત શ્રાવકના વ્રતનું પ્રકાશન કરવું છે; પણ તે પહેલાં એ બતાવ્યું કે વ્રતની ભૂમિકા સમ્યક્ત્વ છે; સમ્યગ્દષ્ટિને રાગ કરવાની બુદ્ધિ નથી, રાગ વડે મોક્ષમાર્ગ સધાશે એમ તે માનતા નથી; તેને ભૂમિકા અનુસાર રાગના ત્યાગરૂપ વ્રત હોય છે. વ્રતમાં જે શુભરાગ રહ્યો તેને કાંઈ તે આદરણીય માનતા નથી. ચૈતન્યસ્વરૂપમાં કંઈક એકાગ્ર થતાં અનંતાનુબંધી ઉપરાંત અપ્રત્યાખ્યાનસંબંધી કષાયોનો પણ અભાવ થઈને પંચમ ગુણસ્થાને યોગ્ય જે શુદ્ધિ થઈ તે ખરો ધર્મ છે. ચોથા ગુણસ્થાનવર્તી સર્વાર્થસિદ્ધિના દેવ કરતાં પાંચમા ગુણસ્થાનવાળા શ્રાવકને આત્માનો આનંદ વિશેષ છે,—પછી ભલે તે મનુષ્ય હોય કે તિર્યંચ. ઉત્તમ પુરુષોએ સમ્યગ્દર્શન પ્રગટ કરીને મુનિના મહાવ્રતનું કે શ્રાવકના દેશવ્રતનું પાલન કરવું. રાગમાં ક્યાંય એકત્વબુદ્ધિ થાય નહિ ને શુદ્ધ સ્વભાવની દૃષ્ટિ છૂટે નહિ—એ રીતે સમ્યગ્દર્શનના નિરંતર પાલનપૂર્વક ધર્મનો ઉપદેશ છે.

અરે જીવ! આ તીવ્ર સંક્લેશથી ભરેલા સંસારમાં ભ્રમણ કરતાં સમ્યગ્દર્શનની પ્રાપ્તિ અતિ દુર્લભ છે. જેણે સમ્યગ્દર્શન કર્યું તેણે આત્મામાં મોક્ષનું ઝાડ વાવ્યું. માટે સર્વ ઉદ્યમથી સમ્યગ્દર્શનનું સેવન કર.

સમ્યગ્દર્શન પામ્યા પછી શું કરવું તે હવે ચોથા શ્લોકમાં કહે છે.

(ક્રમશઃ)

*

**શબ્દો ભલે થોડા પણ ગંભીરતાનો પાર નહિ. —પૂજ્ય ગુરુદેવશ્રી**



# અધ્યાત્મયુગસ્રષ્ટા ગુરુદેવ શ્રી કાનજીસ્વામી

**(સંક્ષિપ્ત જીવનવૃત્ત તથા ઉપકારગુણકીર્તન)**

(ગતાંકથી ચાલુ)

આત્મા 'ભવિષ્યમાં' સર્વજ્ઞ થશે, સંપૂર્ણ સુખી થશે, નિર્વિકારી થશે એમ નહિ પણ 'અત્યારે જ' તે સામર્થ્ય અપેક્ષાએ સંપૂર્ણ વિજ્ઞાનઘન છે, અનંતાનંદનો પિંડ છે, નિર્વિકારી છે, જેનો જ્ઞાનીને સ્પષ્ટ સાનુભવ ખ્યાલ હોય છે. ગુરુદેવ ફરમાવતા કે—'तेरो सरूप न दुंदकी दोहीमें, तोहीमें है तोही सूझत नांही' તારું સ્વરૂપ રાગદ્વેષાદિ દ્વંદ્વની દુવિધામાં નથી, અત્યારે જ રાગ-દ્વેષ રહિત છે; તેની સૂઝથી જ મોક્ષમાર્ગ શરૂ થાય છે. તેની સૂઝ વિના તું સંસારમાં પરિભ્રમણ કરે છે.

સામર્થ્યરૂપ (શક્તિરૂપ) શુદ્ધતાના—ધ્રુવત્વના ભાન વિના શુદ્ધ પરિણતિ થતી નથી. ધ્રુવત્વ અર્થાત્ અન્વયનો અર્થ માત્ર 'તે....તે....તે' એટલો જ નહિ, પરંતુ કેવળજ્ઞાનસામર્થ્યથી ભરપૂર, અનંત સુખસામર્થ્યથી ભરપૂર, અનંત-વીર્યાદિસામર્થ્યથી ભરપૂર એવું 'તે...તે....તે'—એવો અન્વય, એવું સામાન્ય, એવો પરમપારિણામિક ભાવ, એવો જ્ઞાયક. આવા શુદ્ધ જ્ઞાયકને ગુરુદેવ સતત અનુભવી રહ્યા હતા તેથી નિરંતર આંશિક શુદ્ધ પરિણતિ તેઓશ્રીને વર્તતી હતી. તેની સાથે વર્તતું પ્રયોજનભૂત વિષયોનું—દ્રવ્યની સ્વતંત્રતા, દ્રવ્ય-ગુણ-પર્યાય, ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય, ઉપાદાન-નિમિત્ત, નિશ્ચય-વ્યવહાર, નવ તત્ત્વ, આત્માનું શુદ્ધ સ્વરૂપ, સમ્યગ્દર્શન, સ્વાનુભૂતિ, મોક્ષમાર્ગ ઇત્યાદિનું—જ્ઞાન પણ તેમને વિશદતાપૂર્વક સમ્યક્પણે પરિણમતું હતું જેથી શાસ્ત્રોના લુપ્તપ્રાય થઈ ગયેલા સાચા ભાવો તેમના દ્વારા ખૂલ્યા અને જગતમાં ખૂબ પ્રચલિત થયા.

તેઓશ્રી ફરમાવતા કે 'અહો જીવો! અશુભ તેમજ શુભ બન્ને ભાવો બંધનાં કારણ છે, મોક્ષનાં નહિ'. 'તો મોક્ષનું કારણ કોણ?' 'શુદ્ધ ભાવ', 'કષાય ઓછો કરીએ એટલો તો શુદ્ધ ભાવ ખરો ને ?' દૃઢતાથી ઉત્તર મળતો કે 'એ તો શુભ ભાવ છે. નિરંતર શુદ્ધ એવા નિજ આત્મપદાર્થને શ્રદ્ધવો-જાણવો અને તેમાં લીન થવું તે શુદ્ધ ભાવ છે.' 'અશુદ્ધભાવ વખતે પણ શુદ્ધ ? અશુદ્ધ ને શુદ્ધ સાથે કેમ હોઈ શકે ?' 'હોઈ શકે. यद्

**ત્રણ લોકના નાથે કહ્યું છે તે આ બધું ભાષામાં આવેલ છે.—પૂજ્ય ગુરુદેવશ્રી**

विशेषेपि सामान्यं एकमात्रं प्रतीयते। અશુદ્ધ વિશેષો વખતે પણ સામાન્ય તો એકરૂપ—શુદ્ધરૂપ રહે છે.' શુભાશુભ પર્યાય વખતે પણ અંદર સ્વભાવમાં સામર્થ્યરૂપે પરિપૂર્ણ ભરચક શુદ્ધતા ભરી પડી છે તે વાત, શ્રી પંચાધ્યાયીના सन्त्यनेकेत्र दृष्टांता हेमपद्मजलानलाः। आदर्शस्फटिकाश्मानौ बोधवारिधि-सैंधवाः॥'—એ શ્લોકમાં કહેલ સુવર્ણ, કમળ, જળ, અગ્નિ, અરિસો, સ્ફટિકમણિ, જ્ઞાન, સમુદ્ર અને લવણનાં દૃષ્ટાંતો દ્વારા ગુરુદેવ સમજાવતા. વિશેષ-અપેક્ષાએ થતી અશુદ્ધતા વખતે પણ સામાન્ય-અપેક્ષાએ રહેતી દ્રવ્યની શુદ્ધતા સમજાવતાં ગુરુદેવ કહેતા કે દ્રવ્ય—અપેક્ષાએ અત્યારે શુદ્ધતા વિદ્યમાન ન હોય તો કોઈ કાળે પર્યાય-શુદ્ધતા થાય જ નહિ. જ્યાં અજ્ઞાનીઓ વિશેષોને આસ્વાદે છે ત્યાં જ જ્ઞાનીઓ સામાન્યના આવિર્ભાવપૂર્વક સ્વાદ લે છે. આ જ સંક્ષેપમાં બંધમાર્ગ અને મોક્ષમાર્ગનું મૂળભૂત રહસ્ય છે.

પૂજ્ય ગુરુદેવે ભારતવર્ષમાં સમ્યગ્દર્શન અને સ્વાનુભૂતિના મહિમાનો પાવન યુગ પ્રવર્તાવ્યો.

જેમ શ્રી પ્રવચનસારમાં આચાર્ય ભગવાને જગત સમક્ષ જાહેર કર્યું છે કે 'શ્રામણ્યને અંગીકાર કરવાનો જે યથાનુભૂત—અમે જાતે અનુભવેલો—માર્ગ તેના પ્રણેતા અમે આ ઊભા', તેમ અધ્યાત્મવિદ્યા-યુગસ્રષ્ટા પૂજ્ય ગુરુદેવે પણ પોતે અનુભવ કરીને અત્યંત દૃઢતાપૂર્વક સિંહનાદ કર્યો કે 'અનુભવ કરીને કહીએ છીએ કે સ્વાનુભૂતિનો માર્ગ જ મોક્ષનો ઉપાય છે, તમે નિર્ભયપણે આ માર્ગે ચાલ્યા આવો.'

સ્વાનુભૂતિ થતાં જીવને કેવો સાક્ષાત્કાર થાય ? તે બાબતમાં ગુરુદેવ ફરમાવતા કે—સ્વાનુભૂતિ થતાં, અનાકુળ—આહ્‌લાદમય, એક આખાય વિશ્વ ઉપર તરતો વિજ્ઞાનઘન પરમપદાર્થ—પરમાત્મા અનુભવમાં આવે છે. આવા અનુભવ વિના આત્મા સમ્યક્‌પણે દેખાતો—શ્રદ્ધાતો જ નથી, તેથી સ્વાનુભૂતિ વિના સમ્યગ્દર્શનની—ધર્મની શરૂઆત જ થતી નથી.

આવી સ્વાનુભૂતિ પ્રાપ્ત કરવા જીવે શું કરવું ? સ્વાનુભૂતિની પ્રાપ્તિ માટે જ્ઞાનસ્વભાવી આત્માનો ગમે તેમ કરીને પણ નિર્ણય કરવાનું ગુરુદેવ ભારપૂર્વક કહેતા. જ્ઞાનસ્વભાવી આત્માનો નિર્ણય કરવામાં સહાયભૂત તત્ત્વજ્ઞાનનો—દ્રવ્યોનું સ્વયંસિદ્ધ સત્પણું ને સ્વતંત્રતા, દ્રવ્ય-ગુણ-પર્યાય, ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય, નવ તત્ત્વનું સાચું સ્વરૂપ, જીવ અને શરીરની તદ્દન ભિન્નભિન્ન ક્રિયાઓ, પુણ્ય અને ધર્મના લક્ષણભેદ, નિશ્ચય-

**સિદ્ધમાં બેઠા હોય જાણે એવી વાતો કરી છે. —પૂજ્ય ગુરુદેવશ્રી**

વ્યવહાર ઈત્યાદિ અનેક વિષયોના સાચા બોધનો—ગુરુદેવે ભારતવ્યાપી પ્રચાર કર્યો. તીર્થંકરદેવોએ કહેલાં આવાં અનેક સત્યો તો ગુરુદેવ દ્વારા વિધવિધ માધ્યમથી પ્રકાશિત થયાં; સાથે સાથે સર્વ તત્ત્વજ્ઞાનનો શિરમોર—મુગટમણિ જે શુદ્ધદ્રવ્યસામાન્ય અર્થાત્ પરમપારિણામિકભાવ એટલે કે જ્ઞાયકસ્વભાવી શુદ્ધાત્મદ્રવ્યસામાન્ય—જે સ્વાનુભૂતિનો આધાર છે, સમ્યગ્દર્શનનો આશ્રય છે, મોક્ષમાર્ગનું આલંબન છે, સર્વ શુદ્ધભાવોનો નાથ છે—તેને બહાર લાવીને પૂજ્ય ગુરુદેવે અથાગ ઉપકાર કર્યો છે.

જીવ પરદ્રવ્યની ક્રિયા તો કરતો નથી, પરંતુ વિકારકાળે પણ સ્વભાવ-અપેક્ષાએ નિર્વિકાર રહે છે, અપૂર્ણ દશા વખતે પણ પરિપૂર્ણ રહે છે, સદાશુદ્ધ છે, કૃતકૃત્ય ભગવાન છે. જેમ રંગિત દશા વખતે સ્ફટિકમણિના વિદ્યમાન નિર્મળ સ્વભાવનું ભાન થઈ શકે છે, તેમ વિકારી, અધૂરી દશા વખતે પણ જીવના વિદ્યમાન નિર્વિકારી પરિપૂર્ણ સ્વભાવનું ભાન થઈ શકે છે. આવા શુદ્ધસ્વભાવના અનુભવ વિના મોક્ષમાર્ગનો પ્રારંભ પણ થતો નથી, મુનિપણું પણ નરકાદિનાં દુઃખોના ડરથી કે બીજા કોઈ હેતુએ પળાય છે. 'હું કૃતકૃત્ય છું, પરિપૂર્ણ છું, સહજાનંદ છું, મારે કાંઈ જોઈતું નથી' એવી પરમ ઉપેક્ષારૂપ, સહજ ઉદાસીનતારૂપ, સ્વાભાવિક તટસ્થતારૂપ મુનિપણું દ્રવ્યસ્વભાવના—જ્ઞાયકસ્વભાવના નિર્ણયના પુરુષાર્થ પ્રત્યે, તેની લગની પ્રત્યે આત્માર્થીઓને વાળી, ભવભ્રમણથી મૂંઝાયેલા મુમુક્ષુઓ પર ગુરુદેવે અકથ્ય ઉપકાર કર્યો છે.

જેમ પૂજ્ય ગુરુદેવનો તાત્ત્વિક ઉપદેશ આપણને સત્ય માર્ગે વાળે છે તેમ તેમના ધ્યેયનિષ્ઠ જીવનનો પ્રત્યક્ષ પરિચય, તેઓશ્રીનો સત્સંગ આપણી સમક્ષ આત્માર્થીજીવનનો આદર્શ રજૂ કરી આપણામાં પુરુષાર્થ પ્રેરતો હતો. 'આ મોંઘા મનુષ્યભવમાં ભવભ્રમણના અંતનો જ ઉપાય કરવો' એ એક જ ધ્યેયને ગુરુદેવ પ્રથમથી વરેલા હતા. એ ધ્યેયને તેમણે સમગ્ર જીવન સમર્પિત કર્યું હતું. એ માટે જ અભ્યાસ, એનું જ મંથન, એનો જ પ્રયત્ન, એ જ ઉપદેશ, એ જ વાત, એ જ ચર્ચા, એ જ ધૂન, એનાં જ સ્વપ્ન, એના જ ભણકાર,—તેમનું આખુંય જીવન તે અર્થે જ હતું. ગત ઘણાં વર્ષો દરમ્યાન જગતમાં વિવિધ આંદોલનો આવ્યાં ને ગયાં, ઘણા રાજકીય, સામાજિક, ધાર્મિક ઝંઝાવાતો થયા, પરંતુ મેરુ સમાન અડગ ગુરુદેવના ધ્યેયનિષ્ઠ જીવનને તેઓ લેશમાત્ર સ્પર્શી શક્યા નહિ. 'આ એક ભવના સુખાભાસ માટેના કલ્પિત વ્યર્થ પ્રયત્નથી શો લાભ ? મારે તો એક ભવમાં અનંતા ભવો ટાળવા છે' એવા ભાવપૂર્વક, ફરીને જન્મ ન થાય તેના ઉપાયની ધૂનમાં તેઓ નિજ અંતર્મુખ જીવનમાં અત્યંત લીન રહ્યા. ભવ-અંતના ઉપાય સિવાય બીજું બધું તેમને અત્યંત તુચ્છ લાગતું હતું. (ક્રમશઃ) ❋

# યુવા વિભાગ

(આ વિભાગ અંતર્ગત મુમુક્ષુઓની પૂજ્ય ગુરુદેવશ્રીની સાથે રાત્રિ સમયે થયેલી તત્ત્વચર્ચા આપવામાં આવી છે.)

શ્રોતા :—મહાવ્રત તો મોટા પુરુષો આદરે છે, તેથી તેને મહાવ્રત કહે છે, તેનો નિષેધ કેમ થાય ?

પૂજ્ય ગુરુદેવશ્રી :—મોટા પુરુષો અંતરસ્વરૂપમાં સ્થિર થયા છે તેની સાથે વ્રતના પરિણામ આવે છે તેથી તેને મહાવ્રત કહે છે, પણ છે તો તે બંધના જ કારણ. તેથી તેનો નિષેધ કરાય છે. કલશટીકાના ૧૦૮માં કલશમાં પણ કહ્યું છે કે...વ્યવહારચારિત્ર હોતું થકું દુષ્ટ છે, અનિષ્ટ છે, ઘાતક છે, તેથી વિષય-કષાયની માફક ક્રિયારૂપ ચારિત્ર નિષિદ્ધ છે.

શ્રોતા :—મુનિપણામાં વ્રત-તપ-શીલ આદિ આચરણ કરવાનું કહ્યું છે. જે કરી શકાય છે એને તો બંધનરૂપ અને સંસારનું કારણ કહ્યું તો પછી મુનિઓને શરણ કોનું રહ્યું ? મુનિપણું કોના આશ્રયે પાળશે ?

પૂજ્ય ગુરુદેવશ્રી :—વ્રત-તપ-શીલ આદિ શુભ આચરણરૂપ કર્મનો નિષેધ કરતાં, નિષ્કર્મ અવસ્થારૂપે પ્રવર્તતા, મુનિઓ કાંઈ અશરણરૂપ નથી, જ્ઞાનસ્વરૂપમાં આચરણ કરતું જ્ઞાન જ મુનિઓને શરણરૂપ છે. જ્ઞાનનું શરણ લેતાં મુનિઓ પરમ અમૃતને આસ્વાદે છે તેથી શુભાચરણને નિષેધતાં મુનિઓને જ્ઞાન પરમ શરણરૂપ છે.

શ્રોતા :—કુંદકુંદાચાર્યે પણ મહાવ્રતને પાળ્યા હતા ને ?

પૂજ્ય ગુરુદેવશ્રી :—કુંદકુંદાચાર્યે મહાવ્રતને પાળ્યા ન હતા પણ મહાવ્રતના વિકલ્પો આવ્યા હતા તેને જાણ્યા હતા. પણ તે વિકલ્પોના તેઓ સ્વામી ન હતા, તેને પોતાપણે જાણતા ન હતા પણ પરજ્ઞેયપણે જાણનાર હતા.

શ્રોતા :—આત્મસ્વભાવ ઉત્કૃષ્ટ એવા અરિહંતથી પણ શ્રેષ્ઠ, સિદ્ધરૂપ શુદ્ધાત્મા છે. અહીં અધૂરી અવસ્થા હોવા છતાં આત્માને અરિહંતથી પણ શ્રેષ્ઠ કેમ કહ્યો ?

પૂજ્ય ગુરુદેવશ્રી :—નિજ શુદ્ધાત્મસ્વભાવ વર્તમાનમાં જ પરિપૂર્ણ છે તેનું ધ્યાન કરવાનું કહ્યું છે. અહીં ત્રિકાળ શુદ્ધસ્વભાવની દૃષ્ટિથી કથન છે, પર્યાય ગૌણ છે અને

**બેનનું પુસ્તક બરાબર ટાણે બહાર પડ્યું છે ૪૩ વર્ષે! લોકો વાંચે તો એને ખબર પડે!**
**—પૂજ્ય ગુરુદેવશ્રી**

આ આત્માને અરિહંતના લક્ષે રાગની ઉત્પત્તિ થાય છે અને પોતાના સ્વભાવના લક્ષે વીતરાગતાની ઉત્પત્તિ થાય છે, તેથી આ આત્માને માટે અરિહંત શ્રેષ્ઠ નથી પણ પોતાનો શુદ્ધસ્વભાવ જ શ્રેષ્ઠ છે. જેના પ્રત્યેથી તારે ઉપયોગ છોડવાનો છે તેનું તારે શું પ્રયોજન છે? માટે બધાનું લક્ષ છોડ અને તારો ચૈતન્યસ્વભાવ સદાય પૂરો છે તેને લક્ષ્ય બનાવીને તેનું જ નિર્વિકલ્પ ધ્યાન કર. આ અરિહંત અવસ્થા પ્રગટ થવાનું સામર્થ્ય તેનામાં ભર્યું છે અને તે જ ધ્યાન કરવા યોગ્ય છે અન્ય પદાર્થો ધ્યાન કરવા યોગ્ય નથી. એવો ઉપદેશ છે.

## પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના ૧૨૫મા જન્મજયંતી મહોત્સવ તથા પૂજ્ય બહેનશ્રીના ૧૦૦મા જન્મજયંતી મહોત્સવ અંતર્ગત યોજાયેલી ધાર્મિક શિક્ષણ શિબિરોની વિગત

(૨૪) તા. ૨૩-૫-૧૪ થી ૨૬-૫-૧૪ શ્રી જૈન સ્વાધ્યાયમંદિર, સોનગઢ(યુ.એસ.એ.) અમેરિકાના ટેમ્પા નગરમાં પૂજ્ય ગુરુદેવશ્રીની ૧૨૫મી જન્મજયંતી તથા ધાર્મિક શિક્ષણ શિબિરનું આયોજન.

(૨૫) તા. ૨૬-૫-૧૪ થી ૩૧-૫-૧૪ સુધી ખંડવા (મ.પ્ર.)માં આદિનાથ દિગંબર જિનમંદિરમાં પંચબાલયતિ વિધાન તથા ધાર્મિક શિક્ષણ શિબિર યોજવામાં આવી હતી.

(૨૬) તા. ૬-૭-૨૦૧૪ ઘાટકોપર—મુંબઈમાં ઘાટકોપર મહિલા મંડળ દ્વારા એક દિવસીય શિક્ષણ શિબિરનું આયોજન

(૨૭) તા. ૫-૭-૨૦૧૪ થી તા. ૧૨-૭-૨૦૧૪ સુધી ખંડવા (મ.પ્ર.)માં અષ્ટાહ્નિકા પર્વ તથા ધાર્મિક શિક્ષણ શિબિર

ઉપરોક્ત શિબિરો શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ અંતર્ગત યોજવામાં આવી હતી તથા દરેક શિબિરમાં સોનગઢથી મોકલવામાં આવેલા અધ્યાપકોએ અધ્યાપન કરાવ્યું હતું. તદુપરાંત પૂજા-ભક્તિ તથા પૂજ્ય ગુરુદેવશ્રીનાં સીડી પ્રવચનોનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. વઢવાણ નગરના મુમુક્ષુઓએ દરેક માસની વદ બીજના દિવસે આ પ્રકારની શિબિરોનું આયોજન વિશેષપણે કર્યું છે.

## આત્મધર્મ-વાર્ષિક શુલ્ક

આ ઓગસ્ટ માસથી આપનું આત્મધર્મનું વાર્ષિક લવાજમ પુરું થાય છે. આપ ગ્રાહક તરીકે ચાલુ રહેવા ઈચ્છતા હો તો કૃપા કરી વાર્ષિક લવાજમ રૂા. ૯=૦૦ તાત્કાલિક મોકલશો. જો આપ આજીવન સ્થાયી ગ્રાહક બનવા ઈચ્છતા હો તો રૂા. ૧૦૧=૦૦ મોકલવા વિનંતી.

### શુદ્ધિપત્રક

| અંક | પેજ નં. | લાઈન | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|---|
| જુલાઈ-૨૦૧૪ | ૧૮ | ૨૫ | પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી | પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી |



# પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીની ગુરુભક્તિપૂર્ણ આધ્યાત્મિક તત્ત્વચર્ચા

❋ શ્રોતા :—દૃષ્ટિનું લક્ષ કાર્ય ઉપર હોય ?

પૂજ્ય બહેનશ્રી :—દૃષ્ટિનું લક્ષ કાર્ય ઉપર નથી. આ પર્યાય પ્રગટ થઈ અને આ પર્યાય પ્રગટ થઈ એમ તેનું લક્ષ કરીને દૃષ્ટિ રોકાતી નથી. હું તો પૂરેપૂરો ભરેલો છું. પૂર્ણ પર્યાય પ્રગટ થાય તો પણ તેનાથી અનંતગણું મારા દ્રવ્યમાં ભરેલું છે. એક વર્તમાન સમયની પર્યાય પ્રગટ થાય તો તેમાં મને આમ પ્રગટ થયું તેમ પર્યાયમાં દૃષ્ટિ રોકાતી નથી. તેનાથી અનંતુ દ્રવ્યમાં ભરેલું છે ને દૃષ્ટિ તે દ્રવ્ય ઉપર છે. કેવળજ્ઞાનની પર્યાય એક સમયની છે, તેનાથી અનંત શક્તિ દ્રવ્યમાં ભરેલી છે.

શ્રોતા :—વિકલ્પ તોડનેકા ઉપાય ક્યા ? વહ બતાઈએ.

પૂજ્ય બહેનશ્રી :—વિકલ્પસે ભેદજ્ઞાન કરના કિ વિકલ્પ મૈં નહીં હૂં; વિભાવ ભિન્ન હૈ, મૈં ભિન્ન હૂં; મૈં નિર્વિકલ્પ જ્ઞાયકતત્ત્વ હૂં. વિકલ્પસે પહલે ભેદજ્ઞાન કરે ઔર યથાર્થ શ્રદ્ધા કરે કિ મૈં જ્ઞાયક હૂં. જ્ઞાયકકી દૃઢ પ્રતીતિ કરકે–ભીતરમેંસે જ્ઞાયકકો પિછાન કરકે જ્ઞાયકકો ભિન્ન કરે કિ એક જ્ઞાયક મૈં હૂં, વિકલ્પ મેરા સ્વભાવ નહીં હૈ. મેરે પુરુષાર્થકી મંદતાસે વિકલ્પ હોતા હૈ, લેકિન વો મેરા સ્વભાવ નહીં હૈ, મૈં ઈસસે ભિન્ન હૂં, ઐસા વિકલ્પસે ભેદજ્ઞાન કરે. પીછે જ્ઞાયકમેં લીનતા કરે તો વિકલ્પ તૂટે. વિકલ્પકે સાથ એકત્વબુદ્ધિ હો રહી હૈ વહ એકતાબુદ્ધિ તોડ દેના. વિકલ્પ મૈં નહિ, મૈં જ્ઞાયક હૂં, જાનનેવાલા હૂં, ઐસા ભેદજ્ઞાન કરના વોહી વિકલ્પ તોડનેકા ઉપાય હૈ. વિકલ્પ વિકલ્પસે તૂટતા નહીં હૈ. યે વિકલ્પ તોડું–તોડું યે ભી વિકલ્પ હૈ. મૈં જ્ઞાયક હૂં–જ્ઞાયક હૂં ઐસી જ્ઞાયકકી પરિણતિ દૃઢ કરના. જ્ઞાયકકી પરિણતિ દૃઢ કરનેસે ભેદજ્ઞાન હોતા હૈ.

શ્રોતા :—મૈં જ્ઞાયક હૂં, જ્ઞાયક હૂં ઐસા બહોત ગોખતા હૂં.

પૂજ્ય બહેનશ્રી :—ઐસા ભીતરમેંસે કરના, ગોખનેસે ભાવનારૂપ (શુભ વિકલ્પ) હોતા હૈ. વહ વિકલ્પ મૈં નહીં હૂં, મૈં જ્ઞાયક નિર્વિકલ્પ તત્ત્વ હૂં, ઐસા ભીતરમેંસે જ્ઞાયકકા બલ પ્રગટ કરના. વિકલ્પસે ભેદજ્ઞાન કરના.　　(ક્રમશઃ) ❋

**વચનામૃત તો બાર અંગનો સાર છે.　　—પૂજ્ય ગુરુદેવશ્રી**

## બાળ વિભાગ

# ધનદેવ શેઠની કથા

(પુરુષ જે સ્થૂળ જૂઠ—અસત્ય ન પોતે બોલે છે અને ન બીજાંઓની પાસે બોલાવે છે તથા અન્યની આપત્તિ માટે (અર્થાત્ અન્યનો ઘાત થાય તેવું) સત્ય પણ પોતે બોલતો નથી અને બીજાઓને બોલાવતો નથી તેને ગણધરાદિ મહાપુરુષો સત્યાણુવ્રત કહે છે.

મિથ્યા(ખોટો) ઉપદેશ દેવો, કોઈની ગુપ્ત ક્રિયાને પ્રગટ કરી દેવી, અન્યનો અભિપ્રાય જાણી તેને ઈર્ષાથી પ્રગટ કરવો, ખોટો લેખ (દસ્તાવેજ) લખવો, અને ગીરો રાખેલી વસ્તુને પણ અંશે હડપ કરી જવાનાં (પચાવી પાડવાનાં વચનો બોલવાં)—એ પાંચ સત્યાણુવ્રતના અતિચાર છે.

પ્રથમ અહિંસાણુવ્રતના પ્રભાવથી (યમપાલ) ચાંડાલ ઉત્તમ અતિ આદર—સત્કાર પામ્યો તેની કથા ગતાંકમાં જોઈ. હવે સત્યાણુવ્રતના પ્રભાવથી ધનદેવ શેઠ સત્કાર પામ્યા તે કથા અહીં આપવામાં આવે છે.)

જમ્બુદ્વીપમાં પૂર્વ વિદેહમાં પુષ્કલાવતી દેશમાં પુંડરીકિણી નામની નગરીમાં જિનદેવ અને ધનદેવ નામના બે નિર્ધન વણિકો હતા. તે બન્નેમાં ધનદેવ સત્યવાદી હતો. 'દ્રવ્યનો જે લાભ થશે તેનો અર્ધોઅર્ધ આપણે બે વહેંચી લઈશું' એમ કોઈની સાક્ષી વિના વ્યવસ્થા કરીને બન્ને દૂર દેશ ગયા. બહુ ધન કમાઈને તેઓ પાછા ફર્યા અને કુશળપૂર્વક પુંડરીકિણી નગરીમાં આવ્યા. તેમાં જિનદેવ ધનદેવને લાભનો અર્ધોભાગ આપતો નથી, તે તેને થોડુંક દ્રવ્ય ઉચિત ગણીને આપે છે. તેથી પહેલાં પોતાના કુટુંબ (કુટુંબીજનો) આગળ, પછી મહાજન આગળ અને છેવટે રાજા આગળ ન્યાય કરાવવામાં આવતાં સાક્ષી વિનાનો વ્યવહાર હોવાથી, જિનદેવ કહે છે કે, "મેં એને અર્ધોભાગ આપવાનો કહ્યો નથી, ઉચિત ભાગ જ આપવાનો કહ્યો છે."

"બન્નેને (દરેકને) અર્ધું—અર્ધું જ (આપવાનું ઠરાવવામાં આવ્યું છે)—એમ ધનદેવ સાચેસાચું જ કહે છે. (એમ રાજાએ માન્યું).

પછી રાજકીય નિયમાનુસાર તે બન્નેને દિવ્ય ન્યાય આપ્યો. (અર્થાત્ બન્નેની હથેળીમાં સળગતો અંગારો રાખવામાં આવ્યો.) આ દિવ્ય ન્યાયથી ધનદેવ સાચો ઠર્યો પણ બીજો (જિનદેવ) નહિં. તેથી બધું દ્રવ્ય ધનદેવને આપવામાં આવ્યું અને સર્વ લોકોથી તે પૂજિત બન્યો તથા ધન્યવાદને પ્રાપ્ત થયો. ❊

**થોડા શબ્દોમાં ઘણું આવ્યું છે. —પૂજ્ય ગુરુદેવશ્રી**

## સુવર્ણપુરી સમાચાર :—

અધ્યાત્મતીર્થ સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ અનંત ઉપકારમય પૂજ્ય સદ્‌ગુરુદેવશ્રી કાનજીસ્વામી તેમજ તેમના પરમ અનન્ય ભક્ત પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના કલ્યાણવર્ષી પુણ્ય પ્રતાપે, આશીર્વાદથી દેવ-ગુરુ-શાસ્ત્રની ધર્મની આરાધનામય રહે છે. તથા પં.રત્નશ્રી હિંમતભાઈ જે. શાહે બનાવેલા સુમધુર કાવ્યોથી વાતાવરણ ભક્તિમય રહે છે :—

| | | |
|---|---|---|
| પ્રાતઃ ૫-૪૫ થી ૬-૦૫ | : | પૂજ્ય બહેનશ્રીના નિવાસસ્થાને તેઓશ્રીની ધર્મચર્ચાની ઓડિયો-ટેપ |
| પ્રાતઃ ૭-૪૫ થી - | : | શ્રી જિનેન્દ્ર-પૂજન |
| સવારે ૮-૩૦ થી ૯-૩૦ | : | પરમાગમ શ્રી સમયસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું **CD**-પ્રવચન |
| સવારે ૯-૪૫ થી ૧૦-૩૦ | : | ધાર્મિક શિક્ષણવર્ગ (શ્રી નિયમસાર) |
| બપોરે પ્રવચન પહેલાં | : | પૂજ્ય ગુરુદેવશ્રીના સ્ટેચ્યુ સમક્ષ સ્તુતિ |
| બપોરે ૩-૧૫ થી ૪-૧૫ | : | શ્રી સમયસાર કળશટીકા ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું **CD**-પ્રવચન |
| બપોરે પ્રવચન પછી | : | પૂજ્ય બહેનશ્રીનાં ચિત્રપટ સમક્ષ સ્તુતિ |
| બપોરે ૪-૧૫ થી ૪-૪૫ | : | જિનેન્દ્રભક્તિ |
| સાંજે ૮-૦૦ થી ૯-૦૦ | : | શ્રી ઈષ્ટોપદેશ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું **CD**-પ્રવચન |

✽ **મંગલ પત્રિકાલેખન વિધિ :–**પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના ૧૦૧મા જન્મોત્સવની નિમંત્રણ પત્રિકાની લેખનવિધિ તા. ૧૩-૭-૨૦૧૪ રવિવારના દિવસે સુવર્ણપુરી (સોનગઢ)માં વિવિધ મુમુક્ષુમડળોના સભ્યોની ઉપસ્થિતિમાં સંપન્ન થઈ. સવારે પરમાગમ મંદિરમાં વીરશાસન જયંતી નિમિત્તે સામુહિક પૂજન પછી સર્વે મુમુક્ષુઓ શ્રીમતી ભાનુબેન વલ્લભભાઈ રૂપારેલિયાના નિવાસસ્થાન કહાન નગર સોસાયટી ગયા. ત્યાંથી વાજતે-ગાજતે અત્યંત ઉત્સાહપૂર્વક પત્રિકાને સ્વાધ્યાયમંદિરમાં લાવવામાં આવી. પૂજ્ય ગુરુદેવશ્રીના સીડી પ્રવચન પછી નિમંત્રણ પત્રિકાનું વાંચન આયોજક શ્રીમતી ભાનુબેન વલ્લભભાઈ રૂપારેલિયાએ કર્યું ત્યારબાદ પત્રિકા-લેખન વિધિ ભક્તિમય વાતાવરણમાં સંપન્ન થઈ.

✽ **રક્ષાબંધન પર્વ :–**શ્રાવણ પૂર્ણિમાના દિવસે શ્રી વિષ્ણુકુમાર મુનિરાજે શ્રી અકંપનાચાર્યાદિ ૭૦૦ મુનિવરોની ઉપસર્ગથી રક્ષા કરી હતી. આ પર્વ તા. ૧૦-૮-૨૦૧૪, રવિવારના દિવસે પૂજા-ભક્તિના વિશેષ આયોજનપૂર્વક ઉજવવામાં આવશે.

✽ **જ્ઞાનવૈભવ–પ્રકાશન વાર્ષિક દિવસ :–**'બહેનશ્રીનો જ્ઞાનવૈભવ' ગ્રંથના પ્રકાશનનો વાર્ષિક દિવસ શ્રાવણ વદ-૧૪, તા. ૨૪-૮-૧૪ રવિવારના દિવસે છે. આ દિવસે બહેનશ્રીના ઉપકારો પ્રતિ કૃતજ્ઞતા જ્ઞાપનાર્થ, શ્રી જિનેન્દ્રપૂજા સમારોહ આદિ વિશેષ કાર્યક્રમપૂર્વક ઉજવવામાં આવશે.

❀ **દશલક્ષણપર્યુષણપર્વ :–**ભાદરવા સુદ ૫, શનિવાર તા. ૩૦-૮-૨૦૧૪ થી ભાદરવા સુદ ૧૪, સોમવાર, તા. ૮-૯-૨૦૧૪ સુધી દસ દિવસ શ્રી દશલક્ષણપર્યુષણપર્વ શ્રી દશલક્ષણ-મંડલવિધાનપૂજા તથા મુનિધર્મમહિમાયુક્ત અધ્યાત્મ જ્ઞાન-વૈરાગ્ય-ભક્તિની ઉપાસનાપૂર્વક ઉજવવામાં આવશે. એ જ રીતે તા. ૬-૯-૨૦૧૪, શનિવારથી તા. ૮-૯-૨૦૧૪, સોમવાર સુધી ત્રણ દિવસ 'રત્નત્રયધર્મ' પર્વ પણ ઊજવાશે.

❀ **ઉત્તમ ક્ષમાવણીપર્વ :–**ભાદરવા વદ ૧, મંગલવાર, તા. ૯-૯-૨૦૧૪ના દિવસે ક્ષમાવણીપર્વ ક્ષમાવણીપૂજા, સાંવત્સરિક આલોચના તથા ભક્તિપૂર્વક ઊજવવામાં આવશે.

## (૧૫)

# પ્રૌઢ વ્યક્તિઓ માટેના પ્રશ્નોત્તર

નીચે આપેલ વાક્યમાં બે વ્યક્તિઓના નામ આપેલ છે તેનો એકબીજા સાથે શું સંબંધ છે તે ઓળખી કાઢો.

(૨૮૧) ઋષભદેવ અને મરિચિકુમાર(મહાવીરનો જીવ) ..................................

(૨૮૨) ચેલણા રાણી અને ચંદના સતી ..................................

(૨૮૩) ત્રિશલા માતા અને મહાવીર ..................................

(૨૮૪) ભરત અને બાહુબલી ..................................

(૨૮૫) નેમિનાથ અને શ્રીકૃષ્ણ ..................................

(૨૮૬) રાવણ અને હનુમાન ..................................

(૨૮૭) રાજા શ્રેણિક અને અભયકુમાર ..................................

(૨૮૮) ધન્યકુમાર અને શાલિભદ્ર ..................................

(૨૮૯) ભરત ચક્રવર્તી અને ઋષભદેવ ..................................

(૨૯૦) રાવણ અને કુંભકર્ણ ..................................

(૨૯૧) શ્રીકૃષ્ણ અને પ્રદ્યુમ્નકુમાર ..................................

(૨૯૨) રાજા દશરથ અને સીતાજી ..................................

(૨૯૩) ગજસુકુમાર અને શ્રીકૃષ્ણ ..................................

(૨૯૪) હનુમાન અને અંજનાસતી ..................................

(૨૯૫) પૂજ્ય ગુરુદેવશ્રી અને ઉજમબા ..................................

(૨૯૬) અંજના સતી અને પવંજય ..................................

(૨૯૭) રાજા દશરથ અને જનકરાજા ..................................

(૨૯૮) ભામંડળ અને સીતા ..................................

(૨૯૯) રાવણ અને મંદોદરી ..................................

(૩૦૦) રાજા દશરથ અને સુમિત્રા ..................................

# પ્રૌઢ વ્યક્તિઓ માટેના આપેલ પ્રશ્ન જુલાઈ-૨૦૧૪ના ઉત્તર

(૨૬૧) પુરુષાર્થ
(૨૬૨) ઠંડી
(૨૬૩) ગણધર
(૨૬૪) ૧૦ ટકા
(૨૬૫) કર્તાકર્મ
(૨૬૬) સકલ
(૨૬૭) સિદ્ધ
(૨૬૮) શ્રીમદ્ રાજચંદ્રજીએ
(૨૬૯) ૨
(૨૭૦) શુક્લ
(૨૭૧) કારણ
(૨૭૨) સમયસાર
(૨૭૩) દ્રવ્યાનુ
(૨૭૪) ચાર ઘાતિ
(૨૭૫) વીતરાગ
(૨૭૬) કુંદકુંદાચાર્યદેવે
(૨૭૭) કેવળી, શ્રુતકેવળી
(૨૭૮) પૂજ્યપાદસ્વામી
(૨૭૯) મહાવીર
(૨૮૦) નેમિનાથ

## (૧૫)

# બાળકો માટેના પ્રશ્નોત્તર

### જોડી બનાવો (શાસ્ત્ર અને શાસ્ત્રના લખનાર)

| | | | | |
|---|---|---|---|---|
| (૧) | પ્રવચનસાર | .................................. | (૧) | આચાર્ય રવિષેણ |
| (૨) | ભક્તામર સ્તોત્ર | .................................. | (૨) | શ્રી સમંતભદ્ર આચાર્ય |
| (૩) | પદ્મપુરાણ | .................................. | (૩) | પંડિત બનારસીદાસજી |
| (૪) | છહઢાળા | .................................. | (૪) | શ્રી ઉમાસ્વામી આચાર્ય |
| (૫) | યોગસાર | .................................. | (૫) | માનતુંગાચાર્ય |
| (૬) | રત્નકરંડ શ્રાવકાચાર | .................................. | (૬) | પંડિત ટોડરમલજી |
| (૭) | વિષાપહાર સ્તોત્ર | .................................. | (૭) | આચાર્ય યોગીન્દુદેવ |
| (૮) | નાટક સમયસાર | .................................. | (૮) | આચાર્ય કુંદકુંદદેવ |
| (૯) | શ્રી મોક્ષમાર્ગપ્રકાશક | .................................. | (૯) | કવિ ધનંજય |
| (૧૦) | તત્ત્વાર્થસૂત્ર | .................................. | (૧૦) | પંડિત દોલતરામજી |

### જોડી બનાવો (કોણ ક્યાંથી મોક્ષે ગયા.)

| | | | | |
|---|---|---|---|---|
| (૧) | ૨૦ તીર્થંકર | .................................. | (૧) | દ્રોણગિરિ |
| (૨) | રામ, હનુમાન વિ. | .................................. | (૨) | સોનાગિરિ |
| (૩) | દેશભૂષણ–કુલભૂષણ | .................................. | (૩) | કૈલાસપર્વત |
| (૪) | ગુરુદત્ત | .................................. | (૪) | પાવાગઢ |
| (૫) | યુધિષ્ઠિર | .................................. | (૫) | માંગીતુંગી |
| (૬) | નંગ–અનંગકુમાર | .................................. | (૬) | ચંપાપુરી |
| (૭) | બાલિ મુનિ | .................................. | (૭) | સમ્મેદશિખર |
| (૮) | લવ–કુશ | .................................. | (૮) | ગજપંથા |
| (૯) | વાસુપૂજ્ય ભગવાન | .................................. | (૯) | શત્રુંજય |
| (૧૦) | સાત બળભદ્ર | .................................. | (૧૦) | કુંથલગિરિ |

# બાળકો માટેના આપેલ પ્રશ્ન જુલાઈ–૨૦૧૪ના ઉત્તર

(૨૬૧) અવગાહનહેતુત્વ
(૨૬૨) અજીવ
(૨૬૩) અલોકાકાશ
(૨૬૪) અભાવ
(૨૬૫) અચક્ષુદર્શન
(૨૬૬) અજ્ઞાન મિથ્યાત્વ
(૨૬૭) અનાદિ અનંત
(૨૬૮) અનુજીવી ગુણ
(૨૬૯) અવગાહનત્વગુણ
(૨૭૦) અભવ્યત્વ
(૨૭૧) અર્થપર્યાય
(૨૭૨) અરિહંત ભગવાન
(૨૭૩) અચલમેરુ
(૨૭૪) અસંભવ દોષ
(૨૭૫) અપ્રમત્ત
(૨૭૬) અહિંસા–અદંતધોવન
(૨૭૭) અવધિજ્ઞાન
(૨૭૮) અનંતવીર્ય
(૨૭૯) અસ્તિત્વ
(૨૮૦) અધિગમજ સમ્યક્દર્શન

**સૂચના**

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢના ટેલિફોન નંબર નીચે મુજબ છે.

| | | |
|---|---|---|
| (૧) | ઓફિસ | ૦૨૮૪૬-૨૪૪૩૩૪ |
| | ફેક્સ | ૦૨૮૪૬-૨૪૪૬૬૨ |
| (૨) | ઈન્ટરનેટ વિભાગ | ૦૨૮૪૬-૨૪૪૯૪૪ |
| (૩) | શાસ્ત્ર વેચાણ વિભાગ | ૦૨૮૪૬-૨૪૪૩૩૫ |
| (૪) | ભોજનાલય | ૦૨૮૪૬-૨૪૪૦૮૪ |

# પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્‌ગાર

✱ આત્મવસ્તુ કે જેના ધ્રુવદળમાં અનંત શાંતિ ને અનંત વીતરાગતા છે તેનો પર્યાયમાં અનુભવ નથી એટલે કે અનુભવની શક્તિ જેણે પ્રગટ કરી નથી ને રાગની રુચિમાં પડ્યા છે તે જીવ, ચૈતન્યચંદ્ર અર્થાત્ ઉપશમરસથી ભરેલા ભગવાન આત્માના જ્ઞાનસ્વરૂપનાં અનુભવ વિના તેને પામી શકતા નથી. દયા-દાન આદિ કોટિ ઉપાય કરે તોપણ ચૈતન્ય ભગવાન તેને પ્રગટ થતો નથી. રાગની ક્રિયા લાખ શું કરોડ કરે તોપણ ભગવાન આત્મા પ્રગટ થાય એવો નથી. ૭૦.

✱ તો ઉપાય શું ?—કે જે દશાની દિશા પર ઉપર છે તે દશાની દિશાને સ્વ ઉપર વાળીએ તે ઉપાય છે. રાગાદિ તો પર વસ્તુ છે તેનાથી આત્મા સંવેદ્યમાન થતો નથી. સ્વ સ્વયં સંવેદ્યમાન છે. પોતાના વડે સંવેદ્યમાન—સંવેદનમાં આવવા યોગ્ય છે. આત્મા જ્ઞાન ને આનંદ સ્વરૂપ છે, તેમાં પોતાના વડે એકતા કરે અને વિભાવથી પૃથક્તા કરે તે ઉપાય છે ને તે મોક્ષનો માર્ગ છે. ૭૧.

✱ જ્ઞાનસ્વરૂપી ને અતીન્દ્રિય આનંદ સ્વરૂપી પ્રભુ અતીન્દ્રિય જ્ઞાન ને અતીન્દ્રિય આનંદ વડે આસ્વાદવા લાયક છે. ભગવાન આત્મા જ્ઞાન ને આનંદ સ્વરૂપી હોવાથી ભગવાન આત્મા જ્ઞાનગુણ વડે અનુભવવા લાયક છે. જ્ઞાનગુણ સિવાય અનુભવવા યોગ્ય નથી. કારણ કે કારણાંતર વડે તે અનુભવવા યોગ્ય નથી. એટલે કે આ કારણ સિવાય અર્થાત્ જ્ઞાનગુણ સિવાય રાગની ક્રિયા આદિ અન્ય કારણો વડે ભગવાન આત્મા જણાવાલાયક નથી. ૭૨.

✱ કરોડો રૂપિયા ખર્ચે, મંદિર બંધાવે કે જાવજીવ—આજીવન બ્રહ્મચર્ય પાળે પણ એ શુભરાગ છે. શુભરાગ છે તે ક્લેશ છે, દુઃખ છે, આડંબર છે. એવો આડંબર કરો તો કરો, પણ સર્વજ્ઞ વીતરાગદેવે જે આત્મા કહ્યો છે તેની પ્રાપ્તિ તો તેનાથી થશે નહીં. ધર્મના નામે એ શુભરાગનો રસ છે પણ એ રાગના રસ વડે વીતરાગ સ્વરૂપની પ્રાપ્તિ થતી નથી. ૭૩.

✱ જ્ઞાન ને આત્મા એમ બે ધ્વનિ ઉઠે છે માટે જ્ઞાન ને આત્મા જુદા હશે એવી શંકા ન કરવી. ગુણને જ અહીં ગુણી કહેવો છે. જ્ઞાન તે જ આત્મા છે. નામ ભિન્ન પડ્યું માટે ભાવ અને ભાવવાન એટલે કે જ્ઞાન ને ભગવાન બે જુદા છે એમ જરીયે શંકા ન કરવી. નામ ભલેને જુદા પડ્યા પણ ભાવ જુદા નથી. ૭૪

✱

૩૬
આત્મધર્મ
ઓગસ્ટ-૨૦૧૪
અંક-૧૨ ✻ વર્ષ-૮

Posted at Songadh PO
Publish on 1-08-2014
Posted on 1-08-2014

Registered Regn. No. BVR-367/2012-2014
Renewed upto 31-12-2014
RNI Registration No. GUJGUJ/2006/18667
વાર્ષિક લવાજમ રૂા. ૯/- આજીવન લવાજમ રૂા. ૧૦૧/-

## આત્મહિત

શ્રોતા : આપ જે સમજાવો છો તે વાત બરાબર સાચી જ છે—પણ તેનાથી સમાજને શું લાભ થાય?

પૂજ્ય ગુરુદેવશ્રી : જુઓ ભાઈ—પહેલી વાત તો એ છે કે, પોતાને પોતાનું જોવાનું છે. સમાજનું ગમે તે થાય—તેની ચિંતા છોડીને પોતે પોતાનું સંભાળવું. મધદરિયે ડૂબકા ખાતો હોય ત્યારે સમાજની કે કુટુંબની ચિંતા કરવા રોકાતો નથી પણ હું દરિયામાં ડૂબતો કેમ બચું?— તે માટે જ ઉપાય કરે છે. તેમ સંસાર-સમુદ્રમાં રખડતા માંડ માંડ મનુષ્યભવ મળ્યો છે ત્યારે મારા આત્માનું હિત કેમ થાય, મારો આત્મા સંસાર-ભ્રમણથી કેમ છૂટે એ જોવાનું છે. પારકી ચિંતામાં રોકાય તો આત્મહિત ચુકાઈ જાય છે. આ વાત તો પોતાનું હિત કરવાની છે. દરેક જીવ સ્વતંત્ર છે, તેથી સમાજના બીજા જીવોનું હિત થાય તો જ પોતાનું હિત થઈ શકે એવું કાંઈ પરાધીન—પણું નથી માટે હે જીવ! તું તારા હિતનો ઉપાય કર. —પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી

Printed & published by Hasmukhbhai Popatlal Vora on behalf of shri Digambar Jain Swadhyay Mandir Trust and Printed at Kahan Mudranalay, Jain Vidhyarthi Gruh, At-Songadh Pin-364250 and published from Shri Digambar Jain Swadhyay Mandir Trust At-Songadh, Ta. sihor, Dist. Bhavnagar Pin-364250.

Editor : Anantrai Vrajlal Shah.

If undelivered Please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
**SONGADH**-364 250 (INDIA)
Phone No. (02846) 244334
Fax (02846) 244662

www.kanjiswami.org
email : contact@kanjiswami.org